ગુજરાત સમાચાર
16 ઓક્ટોબર 2026, શુક્રવાર
ચિત્રલોક



# બરેલીની કન્યા દિશા પટણીની હોલિવુડમાં ધમાકેદાર એન્ટ્રી

હિન્દી ફિલ્મોમાંથી હોલિવૂડમાં સફળ એન્ટ્રી મારનારી પ્રિયંકા ચોપરા જોનસની હરીફ બરેલીમાંથી હોલિવૂડ પહોંચી ચૂકી છે. દિશા પટણીએ હોલિવુડમાં કેવિન સ્પેસી જેવા દિગ્ગજ એક્ટર-ડિરેક્ટરની ફિલ્મ 'ધ પોર્ટલ ઓફ ફોર્સ'માં જેસિકાની મહત્વની ભૂમિકા ભજવી છે.

ઉત્તર પ્રદેશના બરેલીમાં ૧૯૯૨ના જૂન મહિનામાં પોલીસ અધિકારી જગદીશ સિંહ પટણીના ઘરમાં દિશાનો જન્મ થયો તે પહેલાં એક મોટી દીકરી ખુશબૂ પટણી જન્મી ચૂકી હતી. દિશાએ સોશિયલ મીડિયા પર ચાહકોને જેનો પરિચય કરાવ્યો હતો તે ખુશબૂ પટણી ભારતીય લશ્કરમાં મેજરના હોદ્દા પર ફરજ બજાવે છે. દિશાથી નાનો એક ભાઈ સૂર્યાંશ પણ છે. દિશા લખનૌ સ્થિત એમિટી યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગના બીજા વર્ષમાં ભણતી હતી ત્યારે જ અભ્યાસ છોડીને ગ્લેમર વર્લ્ડમાં ઝંપલાવ્યું હતું. બરેલીથી હોલિવૂડ સુધીની આ સફર કેવી રહી તેની વાત માંડે છે દિશા પટણી...

દિશા કહે છે, 'હું નાની હતી ત્યારે મેં ક્યારેય એક્ટર બનીશ એવું વિચાર્યું પણ નહોતું. હું ભણવામાં તેજસ્વી હતી અને પાયલટ બનવા માંગતી હતી. પણ મને લાગે છે કે મારા નસીબમાં કંઈક જુદું જ લખાયેલું હતું. હું કોલેજકાળ દરમિયાન વિવિધ સ્પર્ધામાં ભાગ લેતી હતી. બી.ટેકના બીજા વર્ષમાં હતી ત્યારે જ મારું મુંબઈ આવવા-જવાનું શરૂ થઈ ગયું હતું. મને મુંબઈમાં સ્વતંત્ર રહેવાની મોકળાશ મળી તે ખૂબ ગમી ગઈ. મેં ટીવી જાહેરાતો કરવા માંડી અને મને સમજાયું કે નોઈડામાં રહીને મુંબઈમાં કારકિર્દી બનાવવી શક્ય નથી.'

બસ, પછી તો મુંબઈ આવીને દિશા કેમેરાના પ્રેમમાં પડી ગઈ. તે કહે છે, 'હું નિયમિતપણે મુંબઈ આવી ત્યારે ખરા અર્થમાં કેમેરાના પ્રેમમાં પડી. જ્યારે હું કેમેરાની સામે હોઉં ત્યારે મારી જાતને સાવ વિસરી જાઉં છું. મને જે સૂચના મળે તે હું સહજતાથી કરતી જાઉં છું. મને મારામાં આવેલું આ પરિવર્તન ગમે છે. પરંતુ આ સફર મને છેક હોલિવુડ લઈ જશે તેનો મને લેશમાત્ર અંદાજ નહોતો.'

દિશા ૨૦૧૩માં ઈન્દોરમાં ફેમિના મિસ ઈન્ડિયા સ્પર્ધામાં ફર્સ્ટ રનર-અપ બની તે સાથે જ તેનું ગ્લેમર વર્લ્ડમાં આગમન થયું હતું. બરેલીની આ શરમાળ છોકરી હવે હિરોઈન બનવાની દિશામાં આગળ વધી રહી હતી. ૨૦૧૫માં તેલુગુ ફિલ્મ 'લોફર'માં વરુણ તેજ સામે હિરોઈન બનવાની તક મળતાં દિશાએ તે ઝડપી લીધી. આ બિગ બજેટ ફિલ્મમાં દિશાએ 'મૌની' નામની યુવતીની ભૂમિકા ભજવી હતી, જે બળજબરીથી કરાવવામાં આવતા લગ્નથી બચવા ઘર છોડીને ભાગી જાય છે. આ પ્રથમ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ ન ચાલી. દરમિયાન દિશાને ટાઈગર શ્રોફ સાથે મ્યુઝિક વીડિયો 'બેફિકરા'માં કામ કરવાની તક મળી. એ પછી બંનેની જોડી એવી જામી કે 'બાગી ટુ' ફિલ્મે ૨૦૧૮માં બોક્સ ઓફિસ પર જબરદસ્ત સફળતા મેળવી રૂ. ૧૦૦ કરોડથી વધુની કમાણી કરી લીધી. ત્યાર બાદ દિશા એક પછી એક સફળતાનાં પગથિયાં ચડતી ગઈ અને ઈન્સ્ટાગ્રામ પર તેના કરોડો ચાહકો બન્યા.

> **'મને કેવિન સ્પેસી સાથે કામ કરીને ઘણું શીખવા મળ્યું. હોલિવુડમાં કામ કરવા માટે માત્ર પ્રતિભા જ નહીં, બલ્કે ઓડિશન પ્રક્રિયા, વિઝા અને અન્ય વ્યવહારુ બાબતો પણ એટલી જ મહત્વપૂર્ણ બની રહે છે.'**

જોકે, દિશા પટણીની ૨૦૨૫માં એક પણ ફિલ્મ રજૂ ન થઈ શકી, પરંતુ ૨૦૨૬માં તેની એકસાથે ત્રણ મોટી ફિલ્મો આવી. 'વેલકમ ટુ જંગલ' અને 'આવારાપન ટુ' બંને ફિલ્મો બોલિવુડ બોક્સ ઓફિસ પર સફળ નીવડી છે. આ જ વર્ષે દિશાને હોલિવૂડમાં કેવિન સ્પેસી નિર્દેશિત ફિલ્મ 'ધ પોર્ટલ ઓફ ફોર્સ'માં જેસિકાની મહત્વપૂર્ણ ભૂમિકા મળી, જેણે અગાઉની તમામ કસર પૂરી કરી દીધી. હોલિવૂડની આ વાર્તા પહેલાં ઓટીટી સિરીઝ તરીકે પ્લાન થઈ રહી હતી, પરંતુ પહેલો એપિસોડ બન્યા બાદ સર્જકોને સમજાયું કે તેને ફીચર ફિલ્મ તરીકે રજૂ કરવી વધુ પ્રભાવશાળી રહેશે.

'ધ પોર્ટલ ઓફ ફોર્સ'ની આ પ્રથમ કડીમાં સ્ટેટીગાર્ડ્સ વર્સિસ હોલીગાર્ડ્સ વચ્ચેનો દ્વંદ્વ રજૂ કરવામાં આવ્યો છે. મે મહિનામાં રિલીઝ થયેલા ટ્રેલરમાં પ્રાચીન શક્તિઓથી સંચાલિત ભાવિ વિશ્વની ઝલક જોવા મળી હતી. એક્શન-પેક્ડ સ્ટોરીટેલિંગ અને વિરાટ પાત્રોની કથા રસપ્રદ લાગે છે. ફિલ્મના કેન્દ્રમાં કાયદો-વ્યવસ્થા અને ચોક્કસ માળખામાં માનતા સ્ટેટીગાર્ડ્સ તેમજ સાવ જુદી ફિલોસોફી હોલીગાર્ડ્સ વચ્ચેની મડાગાંઠ છે. બંને જૂથોના મુખીઓની પુત્રી આ ફિલ્મની મુખ્ય નાયિકા છે, જે સમગ્ર પરિસ્થિતિને પલટી નાખવાની શક્તિ ધરાવે છે. આ પ્રોજેક્ટમાં દિશા જેસિકાના પાત્રમાં છે, જ્યારે કેવિન સ્પેસી અને લાડો ઓખોત્નીકોવ જેવા ઈન્ટરનેશનલ કલાકારો પણ સામેલ છે.

દિશાએ કેવિન સ્પેસી સાથે નિર્દેશક તરીકે કામ કરવાના અનુભવ અંગે જણાવે છે, 'કેવિન સ્પેસી કલાકારોને તેમના પાત્ર સાથે પ્રયોગો કરવાની પૂરી મોકળાશ આપે છે. તેઓ એક્ટર માત્ર સંવાદો બોલે એટલાથી સંતુષ્ટ નહોતા થતા, પરંતુ વિશિષ્ટ સંજોગોમાં પાત્ર કેવો આંતરિક સંઘર્ષ અનુભવે અને કેવી પ્રતિક્રિયા આપે તે દિશામાં વિચારવા પ્રેરિત કરતા હતા.'

દિશા સ્વભાવે ઘણી અંતર્મુખ છે. જાહેરમાં રજૂઆત કરવી તેના માટે શરૂઆતમાં મુશ્કેલ હતી, પરંતુ પડકારોનો સામનો કરીને તે વધુ પરિપક્વ બની છે. શાંત, સરળ અને વાસ્તવિક હોય તેવાં પાત્રો ભજવવામાં તે સહજતા અનુભવે છે. 'આવારાપન-ટુ'ની સફળતા બાદ હવે દિશાના ચાહકો તેની હોલિવૂડ ફિલ્મ 'ધ પોર્ટલ ઓફ ફોર્સ'ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

આપણે પણ દિશાના આ મોટા હોલિવૂડ પ્રોજેક્ટની રજૂઆતની રાહ જોઈએ.

લેટ્સ કીપ અવર ફિંગર્સ ક્રોસ્ડ! ■

# નો મોર અ રેફ્યુજી: કરીનાને બોલિવુડમાં 26મું બેઠું



કરીના કપૂર. હિન્દી ફિલ્મ જગતના પ્રથમ પરિવાર ગણાતા કપૂર ખાનદાનની દીકરી. એને અભિનય અને રૂપ બંને વારસામાં મળ્યાં છે. રૂપરૂપના અંબાર સમી કરીના કપૂરે હમણાં જ એટલે કે ૨૧ સપ્ટેમ્બરના રોજ હિન્દી ફિલ્મ જગતમાં પોતાની કારકિર્દીનાં ૨૫ વર્ષ પૂરાં કર્યાં છે. કરીના કપૂરે આ ૨૫ વર્ષ દરમિયાન જુદી જુદી ફિલ્મોમાં વૈવિધ્યસભર પાત્રો ભજવ્યાં છે, જોકે આમાંનાં પાંચ-છ પાત્રો ઘણાં વિશિષ્ટ, યાદગાર અને તાજગીસભર રહ્યાં છે.

> **કરીના કપૂરે તાજેતરમાં હિન્દી ફિલ્મ જગતમાં ૨૫ વર્ષ પૂરાં કર્યાં છે. આ અઢી દાયકામાં કરીનાએ જુદી જુદી ફિલ્મોમાં વિવિધતાસભર પાત્રો ભજવ્યાં છે. તેમાંનાં પાંચ - છ પાત્રો ઘણાં વિશિષ્ટ, મજેદાર, અને તાજગીસભર રહ્યાં છે, જેમ કે 'જબ વી મેટ', 'કભી ખુશી કભી ગમ', 'ચમેલી', 'ઓમકારા' અને 'તલાશ'માં તેણે ભજવેલાં કિરદારો...**

કપૂર પરિવારની ચાર-ચાર પેઢીએ હિન્દી ફિલ્મ જગતમાં ઉજળું યોગદાન આપ્યું છે. પૃથ્વીરાજ કપૂર, રાજ કપૂર, શશી કપૂર, શમ્મી કપૂર, રણધીર કપૂર, ઋષિ કપૂરથી માંડીને કરીના કપૂર, કરિશ્મા કપૂર અને રણબીર કપૂરે હિન્દી સિનેમાની પા-પા પગલીથી લઈને તેના આધુનિક વિકાસ સુધીની યાત્રામાં પાયારૂપ પ્રદાન કર્યું છે.

ફિલ્મ 'રેફ્યુજી' (૨૦૦૦)થી પોતાની અભિનય યાત્રા શરૂ કરનારી કરીના કપૂરે સમય જતાં ટોચના નિર્માતા-દિગ્દર્શકોની ફિલ્મોમાં વિવિધ ભૂમિકાઓ ભજવી. 'રેફ્યુજી' ફિલ્મને બોક્સ ઓફિસ પર ભલે મધ્યમ આવકાર મળ્યો હતો, આમ છતાં દર્શકોએ રૂપકડી કરીનાને વધાવી લીધી હતી. એમ કહી શકાય કે કરીના બોલિવુડના સર્જકો અને સિનેપ્રેમીઓના દિલમાં વસી ગઈ હતી.

'રેફ્યુજી' બાદ કરીનાને 'અશોકા' અને 'કભી ખુશી કભી ગમ' જેવી મોટી ફિલ્મોમાં તક મળી. આ બંને ફિલ્મો થકી બોલિવુડમાં કરીના કપૂરનું સ્થાન વધુ મજબૂત બન્યું. કપૂર ખાનદાનની આ લાડલીમાં અભિનયનો ચમકારો છે અને તે ખાસ કરીને રોમેન્ટિક ફિલ્મોમાં દર્શકોનાં દિલ જીતી શકે છે તેવો માહોલ બંધાયો. ખાસ કરીને કરણ જોહર નિર્મિત અને દિગ્દર્શિત 'કભી ખુશી કભી ગમ'માં કરીનાને બિગ બી, જયા બચ્ચન, શાહરુખ ખાન, કાજોલ અને રિતિક રોશન જેવા દિગ્ગજો સાથે સ્ક્રીન શેર કરવાનો મોકો મળ્યો. આ ફિલ્મ બ્લોકબસ્ટર સાબિત થતાં તેમાં તેના પૂજા ઉર્ફે 'પૂ'ના પાત્રે ખાસ્સી લોકપ્રિયતા મેળવી અને તેની કરિયરને નવી ઊંચાઈ આપી.

ત્યારબાદ કરીનાને પ્રતિભાશાળી ફિલ્મમેકર સુધીર મિશ્રાની ફિલ્મ 'ચમેલી' (૨૦૦૩)માં એક સેક્સ વર્કરની સંવેદનશીલ ભૂમિકા ભજવવાની તક મળી. 'ચમેલી'ના પાત્રને ન્યાય આપવા માટે કરીનાએ ભારે મહેનત કરી હતી. અગાઉ માત્ર ગ્લેમરસ અને રોમેન્ટિક પાત્રો કરતી રહેલી કરીનાની અભિનય ક્ષમતાનો અસલી કસ આ ફિલ્મમાં નીકળ્યો. સુધીર મિશ્રા જેવા વિષયનિષ્ઠ દિગ્દર્શક સાથે કામ કરીને તેણે સાબિત કર્યું કે તે માત્ર સ્ટાર નથી, પરંતુ એક ગંભીર અદાકારા પણ છે.

એક ડગલું આગળ વધીને કરીનાએ વિશાલ ભારદ્વાજની ફિલ્મ 'ઓમકારા' (૨૦૦૬)માં 'ડોલી મિશ્રા'ની અસરકારક ભૂમિકા ભજવીને સમગ્ર ફિલ્મ જગતની વાહવાહી મેળવી હતી. 'ચમેલી' અને 'ઓમકારા' જેવી ફિલ્મોમાં પડકારરૂપ કિરદારો સાકાર કરીને કરીનાએ બોલિવુડમાં એક સક્ષમ અને પરિપક્વ અભિનેત્રી તરીકેનું સ્થાન પાકું કર્યું.

કરીના કપૂરે આમિર ખાન અભિનીત મનોવૈજ્ઞાનિક થ્રિલર 'તલાશ: આન્સર લાઈઝ વિધિન' (૨૦૧૨)માં પણ 'રોઝી'નું રહસ્યમય પાત્ર સુંદર રીતે ભજવ્યું હતું, જેના માટે સમીક્ષકોએ તેની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. ઈમ્તિયાઝ અલીની 'જબ વી મેટ'નો તો ભૂલાય જ કેમ? કરીનાનો આ બેસ્ટ રોલ છે. ■

# એક્શન હીરો ટાઈગર શ્રોફ હવે ડાર્ક રોલ્સ તરફ ઢળ્યો

ટાઈગર શ્રોફે છેલ્લે ૨૦૨૦માં સેમી-હિટ ફિલ્મ 'બાગી ૩' આપી હતી, જે સુપરહિટ તો નહોતી જ. ત્યાર પછી આવેલી તેની સિક્વલ 'બાગી ૪'નો બોક્સ ઓફિસ પર કરુણ રકાસ થયો હતો. લાંબા સમયથી જુનિયર શ્રોફ મલ્ટી-સ્ટારર ફિલ્મોમાં પણ ખાસ પ્રભાવ પાડી શક્યો નથી. કદાચ એટલા માટે કે વેટરન એક્ટર જેકી શ્રોફનો આ સુપરફિટ પુત્ર માત્ર એક 'એક્શન સ્ટાર' તરીકેની પોતાની ઈમેજમાં કેદ થઈ ગયો છે. ફિલ્મમેકર્સ મોટા ભાગે ટાઈગરને એક્શન સિવાયના અન્ય જોનરના પ્રોજેક્ટ્સમાં લેવાનો વિચાર સુદ્ધાં કરતા નથી.

પરંતુ સ્ટાર પોતે એવું માનતો નથી કે કોઈ એક્ટર એક્શન હીરો તરીકે જાણીતો થાય એટલે તેને અન્ય જોનરના પ્રોજેક્ટ્સ ન મળે કે તેને મળતી ઓફર્સ સીમિત થઈ જાય. ટાઈગર પોતાની ઈમેજના બચાવમાં કહે છે, 'આજે તો એક્શન જોનરમાં પણ ઘણા સબ-જોનર્સ આવી ગયા છે, જેમ કે એક્શન થ્રિલર્સ, એક્શન ડ્રામા અને એક્શન લવ-સ્ટોરીઝ. સાચું પૂછો તો હવે હોરરે પણ બહુ મોટા જોનરનું સ્વરૂપ લઈ લીધું છે. એને કારણે એક્ટર્સ માટે અસીમ સ્કોપ છે, એટલે મને નથી લાગતું કે હું કોઈ એક વાડામાં બંધાઈ ગયો છું. ઉલટાનો હું તો એક એક્શન હીરો તરીકે ઓળખ મળી એ માટે પોતાને ભાગ્યશાળી ગણું છું. આ ઈન્ડસ્ટ્રીમાં ગળાકાપ સ્પર્ધા છે અને બહુ જૂજ લોકોને પોતાની કરિયરમાં દર્શકો તરફથી આવો વ્યાપક આવકાર મળતો હોય છે.'

જેકીદાદાના ઘરમાં બોલિવુડના ટિપિકલ હીરો તરીકે જ ઉછરેલો શ્રોફ પોતાની દલીલના સમર્થનમાં વધુમાં જણાવે છે, 'મારી આગામી ફિલ્મોમાં મને ટિપિકલ હીરોની પરિચિત પરિભાષાથી આગળ વધીને કશુંક તદ્દન નવું કરવાની તક મળી છે. એમાં જાહ્નવી કપૂર સાથેની 'લગ જા ગલે', વિદ્યુત જામવાલ સાથેની અનટાઈટલ્ડ મૂવી અને રેમો ડિસોઝાના ડિરેક્શન હેઠળની ફિલ્મ સામેલ છે. કરિયરની શરૂઆતથી હું મોટા ભાગે હકારાત્મક હીરોના રોલ્સ જ ભજવતો આવ્યો છું. સદનસીબે હવે મને ડાર્ક શેડ્સવાળા (નેગેટિવ) પાત્રો ભજવવાની તક મળી રહી છે. મારી દરેક નવી મૂવી એકબીજાથી સાવ અલગ છે. જો દર્શકોને 'વોર'માં મારો રોલ ગમ્યો હોય, તો 'લગ જા ગલે'માં પણ મારું પાત્ર ખૂબ પસંદ આવશે. એ એક એન્ટી-હીરોનો રોલ છે. એ ડાર્ક છે અને અનપ્રેડિક્ટેબલ (જેના વિશે અગાઉથી વિચારી ન શકાય એવો) પણ ખરો. મારી અત્યાર સુધીની ઈમેજ કરતાં આ સાવ જુદો કિરદાર છે. આ પાત્રને ન્યાય આપવા મેં તનતોડ મહેનત કરી છે અને આશા છે કે મને એના મીઠા ફળ મળશે.' ■

> **'મને એક એક્શન હીરો તરીકે ઓળખ મળી એ માટે પોતાને ભાગ્યશાળી ગણું છું. આ ઈન્ડસ્ટ્રીમાં ગળાકાપ હરીફાઈ છે અને બહુ જૂજ લોકોને પોતાની કરિયરમાં દર્શકો તરફથી આવો વ્યાપક આવકાર મળતો હોય છે.'**





# જિમ કેરીએ ગર્લફ્રેન્ડ મિન આહ સાથે ગુપચુપ લગ્ન કરી લીધાં

હોલિવુડના કરોડો દર્શકોના ચહેરા પર સ્મિત લાવનાર દિગ્ગજ કોમેડિયન જિમ કેરીના જીવનમાં પ્રેમનું નવું પ્રકરણ શરૂ થયું છે. 'ધી માસ્ક', 'એસ વેન્ચ્યુરા', 'ડમ્બ એન્ડ ડમ્બર' અને 'લાયર લાયર' જેવી બ્લોકબસ્ટર ફિલ્મો આપનાર ૬૪ વર્ષીય જિમે પોતાની લાંબા સમયની ગર્લફ્રેન્ડ મિન આહ સાથે લગ્ન કરી લીધા છે. લોસ એન્જલસમાં યોજાયેલા એક અત્યંત ખાનગી અને સાદગીપૂર્ણ સમારંભમાં બંનેએ નજીકના સ્વજનોની હાજરીમાં એકબીજાને 'આઈ ડુ' કહી દીધું છે.

આ લગ્નમાં સેલિબ્રિટી પાર્ટીઓની ચમકધમકના બદલે શાંતિ જોવા મળી. ફેબ્રુઆરી ૨૦૨૨માં એક ચેરિટી શો દરમિયાન સાથે જોવા મળ્યા પછીથી બંનેએ પોતાના અંગત સંબંધોને લાઈમલાઈટથી સભાનપણે દૂર રાખ્યા હતા.

પડદા પરની વાત કરીએ તો, જિમ કેરીએ તાજેતરમાં 'સોનિક ધી હેજહોગ' ફ્રેન્ચાઈઝી દ્વારા નવી પેઢી સાથે જોડાણ સાધ્યું છે. 'સોનિક ધી હેજહોગ' ટુ અને થ્રીમાં ડો. રોબોટનિક તરીકેના પાત્રમાં પોતાની આગવી બોડી લેંગ્વેજ અને ઉર્જાએ ફરી સાબિત કર્યું કે તેની સ્ક્રીન પ્રેઝન્સ અડીખમ છે.

આમ છતાં, આજનો જિમ કેરી માત્ર હસાવતો સુપરસ્ટાર નથી. ૨૦૨૨માં તેણે અભિનયમાંથી નિવૃત્તિ લેવાના સંકેત આપતા જણાવ્યું હતું કે તેને પેઈન્ટિંગ, શાંતિ અને આધ્યાત્મિક જીવન વધુ સંતોષ આપે છે. જોકે યોગ્ય સ્ક્રિપ્ટ મળે તો જ તે કેમેરા સામે આવશે. મિન આહ સાથેનાં લગ્ને તેના શાંત અને સંતુષ્ટ જીવનદર્શનને વધુ મજબૂત બનાવ્યું છે. એક સમયે સમગ્ર વિશ્વને હસાવનાર હોલિવુડનો આ બેતાજ બાદશાહ આજે સાચી ખુશી અને આંતરિક શાંતિ માણી રહ્યો છે. હવે દરેક ફિલ્મ કરવાની દોડ કરતા અર્થપૂર્ણ કામ અને વ્યક્તિગત સંતોષ વધુ મહત્વ ધરાવે છે. અને હવે મિન આહ સાથેના લગ્નએ આ નવા જિમ કેરીને વધુ સુંદર ઓળખ આપી છે. એક સમયનો હોલીવૂડનો સૌથી બેકાબૂ કોમેડી સ્ટાર આજે પ્રેમ, પરિવાર, કલા અને આધ્યાત્મિક શાંતિને પોતાની દુનિયાનું કેન્દ્ર બનાવી રહ્યો છે. કદાચ જીવનની સૌથી મોટી કોમેડી એ જ છે, જે માણસે આખી દુનિયાને હસાવી, તેને અંતે સાચી ખુશી શાંતિ અને પ્રેમમાં મળી.■

Hollywood CORNER

# ડાકોટા જોનસન
## ગ્લેમર, ફિલ્મો અને પ્રેમ

ડાકોટા જોનસન હોલિવુડની એવી સ્ટાર છે જે માત્ર સ્ક્રીન પર જ નહીં, પરંતુ રેડ કાર્પેટ, ફેશન અને સોશિયલ મીડિયા પર પણ સતત ચમકતી રહે છે. થોડા દિવસો પહેલાં 'સેટર્ડે નાઈટ લાઈવ' શોમાં તેની નિખાલસ હાજરી અને મિત્ર ટેલર સ્વિફ્ટના અચાનક આગમને શોને યાદગાર બનાવી દીધો હતો.

આ દિવસોમાં તેની લવ લાઈફ પણ ચર્ચામાં છે. ખાસ કરીને રેપર મશીન ગન કેલી સાથે તેનું નામ જોડાઈ રહ્યું છે. જુલાઈ ૨૦૨૬માં ટેલર સ્વિફ્ટ અને ટ્રેવિસ કેલ્સીના લગ્નમાં મળ્યા બાદ બંનેની મિત્રતા વધુ ગાઢ બની હોવાની અટકળો છે, જોકે બંનેએ આ સંબંધ વિશે કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી.

અભિનય ક્ષેત્રે ૨૦૨૬ ડાકોટા માટે અત્યંત મહત્વનું વર્ષ છે. કોલીન હૂવરની નવલકથા પર આધારિત સાયકોલોજિકલ થ્રિલર 'વેરિટી'માં તેણે એન હેથવે સાથે કામ કર્યું છે. આ ઉપરાંત, તે એલાઈસ રોરવેકરની આર્ટ-હાઉસ ફિલ્મ 'થ્રી ઈનસેસ્ચ્યુઅસ સિસ્ટર્સ'માં પણ જોવા મળશે.

નવી ફિલ્મો, ગ્લેમરસ સ્ટાઈલ અને અંગત જીવનની ચર્ચાઓ સાબિત કરે છે કે ડાકોટા પોતાની શરતો પર જીવે છે, એટલું જ નહીં, જીતે પણ છે.■



આ ટેલેન્ટેડ એક્ટ્રેસનો અંદાજ જ કંઈક ઔર છે...

# શર્વરી વાઘ: ફિટનેસ એટલે માત્ર શારીરિક તંદુરસ્તી નહિ, માનસિક સ્વાસ્થ્ય પણ મહત્વનું



બોલિવૂડની ઝગમગતી દુનિયામાં દર વર્ષે અગણિત ચહેરાઓ પોતાની કિસ્મત અજમાવવા આવે છે, પરંતુ બહુ ઓછા કલાકારો એવા હોય છે જે ટૂંક સમયમાં જ દર્શકોના દિલ પર પોતાની અમિટ છાપ છોડે છે. 'બંટી ઔર બબલી ટુ' જેવી કમર્શિયલ મનોરંજક સિલ્વર સ્ક્રીન પર ડેબ્યુ કરનારી શરવરીએ ત્યાર પછી 'મુંજ્યા' જેવી સુપરહિટ ફિલ્મ આપીને સાબિત કર્યું કે તે કોઈપણ પડકારજનક પાત્રને જીવંત કરવાની ક્ષમતા ધરાવે છે. શરવરી વાઘ પોતાને કોઈ એક ચોક્કસ ઈમેજ કે પાત્રના સીમિત ચોકઠામાં બાંધવા માગતી નથી. તે યશરાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સની મોટી એક્શન ફિલ્મ 'આલ્ફા' અને સૂરજ બરજાત્યા સાથેની આગામી ફિલ્મમાં કામ કરીને પોતાના કૌશલ્યને વિસ્તારતી રહી છે. એક તરફ 'આલ્ફા' જેવી હાઈ-ઓક્ટેન એક્શન ફિલ્મમાં આલિયા ભટ્ટ સાથે જબરદસ્ત એક્શન દ્રશ્યો અને સ્ટંટ કરવા, તો બીજી તરફ પારિવારીક લાગણીઓ અને સંસ્કારોને ઉજાગર કરતી દિગ્ગજ દિગ્દર્શક સૂરજ બરજાત્યાની ફિલ્મમાં અત્યંત સંવેદનશીલ પાત્ર ભજવવું, આ બંને પરસ્પર વિરોધી અનુભવો શરવરીની બહુમુખી પ્રતિભા દર્શાવે છે. શરવરી માને છે કે જ્યાં 'આલ્ફા' જેવી ફિલ્મમાં શારીરિક અને માનસિક તાકાતની આકરી કસોટી થાય છે, ત્યાં સૂરજ બરજાત્યાના સેટ પર સંયમ, સાદગી અને સૂક્ષ્મ ભાવનાઓની ઊંડાણપૂર્વકની સમજ કેળવવાની અણમોલ તક મળે છે.

પોતાની અત્યાર સુધીની સફરનું વિશ્લેષણ કરતા શરવરી સ્પષ્ટપણે જણાવે છે કે હવે તે જીવનમાં બધું જ અગાઉથી નક્કી કરીને ચાલવાના પક્ષમાં નથી. કારકિર્દીની શરૂઆતના દિવસોમાં તેને લાગતું કે એક સફળ અભિનેત્રી બનવા માટે કોઈ નિશ્ચિત માર્ગ હોય છે જેને અનુસરવો અનિવાર્ય છે. પણ સમય અને અનુભવો સાથે તેની વિચારસરણી બદલાઈ ગઈ છે. આજે તે પોતાના નિર્ણયો પર સંપૂર્ણ ભરોસો રાખે છે પડદા પર શરવરીના અભિનયની સાથે તેની ફિટનેસ અને આકર્ષક સ્ટાઈલ પણ સતત ચર્ચામાં રહે છે. જો કે શરવરી માટે ફિટનેસ માત્ર સારા દેખાવવાનું સાધન નથી, પણ પોતાની જાતને અંદરથી મજબૂત અને માનસિક રીતે સતર્ક રાખવાનો એક માર્ગ છે. ફિટનેસ પ્રત્યે અતિશય શિસ્તબદ્ધ હોવા છતાં તેની સવારની શરૂઆત જીમ કે હેવી વર્કઆઉટથી નથી થતી. તેના દિવસનો સૌથી મનપસંદ અને શાંતિપૂર્ણ હિસ્સો તેનો પાલતુ શ્વાન મિસો છે. સવારે ઊઠીને પોતાના આ ડાલમેશિયન સાથે થોડો સમય રમવું અને તેને લાડ લડાવવા એ તેને સૌથી વધુ માનસિક શાંતિ આપે છે. ત્યાર પછી તે કોફી માણે છે અને દિવસનું શેડ્યુલ નક્કી કરે છે. ગ્લેમરસ ફિલ્મ જગતમાં રહેવા છતાં તેની સવાર અત્યંત સામાન્ય, શાંત અને ઘરેલુ હોય છે.

> શર્વરી વાઘ ક્યારેય વજન ઉતારવાનું કે શરીરને સ્લિમ-એન્ડ-ટ્રિમ રાખવાનું પ્રેશર લેતી નથી. તેના માટે ફિટનેસનો ખરો અર્થ છે, એનર્જેટિક રહેવું અને શારીરિક રીતે મજબૂત બનવું.

વર્કઆઉટની વાત કરીએ તો શરવરી પોતાના રૂટિનમાં વૈવિધ્ય રાખવાનું પસંદ કરે છે. તે કેટલબેલ્સ, બોક્સિંગ, બેટલ રોપ્સ, સ્ટ્રેન્થ ટ્રેનિંગ અને રનિંગ જેવા અલગ-અલગ વર્કઆઉટ્સ કરે છે. તેનું વર્કઆઉટ દિવસના શેડ્યુલ અને ફિલ્મના પાત્રની જરૂરીયાત મુજબ નક્કી થાય છે. તે ક્યારેય વજન ઉતારવાના અથવા શરીરને માત્ર સ્લિમ રાખવાના દબાણમાં રહેતી નથી. તેના માટે ફિટનેસનો ખરો અર્થ ઊર્જાયુક્ત રહેવું અને શારીરિક રીતે મજબૂત બનવાનો છે. પરફેક્ટ રૂટિન કરતા તે નિયમિતતાને વધુ મહત્વ આપે છે.

ખાસ કરીને એક્શન ફિલ્મો માટેની ટ્રેનિંગને શરવરી તેની કારકિર્દીની સૌથી મોટી શારીરિક કસોટી માને છે. કેમેરા સામે મુશ્કેલ એક્શન દ્રશ્યો સહજ દેખાય તેના માટે પડદા પાછળ મહિનાઓ સુધી અથાક મહેનત, સ્ટેમિના, ટેકનિક અને ચોકસાઈની જરૂર પડે છે. ઘણીવાર આખો દિવસ સખત તાલીમ લીધા પછી શરીર થાકી ગયું હોય, છતાં બીજા દિવસે વધુ મહેનત માટે ઊભા થવું પડે છે. શરવરીના મતે સામાન્ય રીતે ફિટ હોવું અને કોઈ ચોક્કસ એક્શન ભૂમિકા માટે શરીરને ઢાળવું એ બંને વચ્ચે જમીન-આસમાનનો તફાવત છે.

સાથે જ તે પોતાના શરીર પ્રત્યે પણ એટલી જ સભાન છે. તે ક્યારેય ભૂખ્યા રહેવાના કે આકરા નિયમોમાં નથી માનતી. તે સ્વચ્છ અને સંતુલિત આહાર લે છે, જેમાં પૂરતા પ્રમાણમાં પ્રોટીન, લીલા શાકભાજી અને સારા કાર્બોહાઈડ્રેટ્સ સામેલ હોય. તે પોતાના ભોજનને માત્ર કેલરી કે ચાર્ટ સુધી સીમિત રાખવાની બદલે સ્વાદિષ્ટ ભોજન માણવામાં માને છે. શરવરીનું સ્પષ્ટ માનવું છે કે શરીરની જરૂરીયાત રોજ એકસરખી નથી હોતી. તેથી પોતાના શરીરની જરૂરીયાતને ઓળખીને સંતુલિત જીવનશૈલી અપનાવવી એ જ ખરુ સ્વાસ્થ્ય છે.

કામ પ્રત્યે સમર્પણ, સ્પષ્ટ વિચારસરણી અને નિખાલસ વ્યક્તિત્વ જ શરવરી વાઘને નવી પેઢીની સૌથી આશાસ્પદ અને પ્રભાવશાળી અભિનેત્રી બનાવે છે.■

# આનંદ પંડિત: ગુજરાતી સિનેમાના બદલાતા યુગની વાત



હિન્દી સિનેમા સહિત અનેક ભાષાઓના ફિલ્મ ઉદ્યોગમાં સફળતાના શિખરો સર કરનારા જાણીતા ફિલ્મ નિર્માતા આનંદ પંડિત હંમેશા ગુજરાતી સિનેમા સાથે હૃદયપૂર્વક જોડાયેલા રહ્યા છે. તેમના મતે આ જોડાણ માત્ર વ્યાપારિક વિસ્તરણ પૂરતુ મર્યાદિત નથી, પણ એક ઊંડો આત્મિક અને સાંસ્કૃતિક સંબંધ છે. ગુજરાતની ધરતી, તેની સમૃદ્ધ ભાષા, સંસ્કૃતિ અને જીવનશૈલી તેમના વ્યક્તિત્વનું અભિન્ન અંગ છે. તેઓ માને છે કે આજના યુવા સર્જકો સ્થાનિક વિષયોને વૈશ્વિક સ્પર્શ આપીને રજૂ કરવાનો અદ્ભુત આત્મવિશ્વાસ ધરાવે છે, જેનાથી પ્રેરાઈ તેઓ સતત નવા પ્રયોગોને પીઠબળ પૂરુ પાડી રહ્યા છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાતી સિનેમામાં આવેલા પરિવર્તન વિશે વાત કરતા તેઓ દર્શકોની બદલાતી રુચિને કેન્દ્રસ્થાને મૂકે છે. દર્શકોની આ જાગૃતિએ સ્થાનિક ફિલ્મસર્જકોને પોતાના નિર્માણનું ધોરણ સુધારવા મજબૂર કર્યા છે. ગુજરાતી ફિલ્મની વ્યાખ્યા હવે માત્ર ચોક્કસ ઢાંચા પૂરતી સીમિત નથી રહી, પણ તેમાં વિષયો અને શૈલીના વૈવિધ્યપૂર્ણ પ્રયોગો થઈ રહ્યા છે.

ગુજરાતી ફિલ્મોએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મેળવેલી સિદ્ધિઓ આ પરિવર્તનની સાક્ષી પૂરે છે. વર્ષ ૨૦૧૩માં ઓસ્કર માટે ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ થયેલી 'ધી ગુડ રોડ' હોય કે પછી શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો રાષ્ટ્રીય એવોર્ડ જીતનારી 'હેલ્લારો'-આ ફિલ્મોએ સિનેમા જગતનું ધ્યાન ખેંચ્યું છે. સાથે સાથે 'ચણિયા ટોળી' જેવી ફિલ્મોએ સાબિત કરી દીધું છે કે ગુજરાતી સિનેમા સફળ વ્યાવસાયિક મનોરંજન પીરસીને તમામ વર્ગના પ્રેક્ષકોને સિનેમાઘરો સુધી આકર્ષી શકે છે.

> 'અનુભવ તકનીકી અમલીકરણ શીખવી શકે છે, પણ વાર્તાને જોવાનો તદ્દન તાજો અને અનોખો દ્રષ્ટિકોણ બહારથી શીખવી શકાતો નથી. ઉદ્યોગને સતત ધબકતો રાખવા માટે નવી પેઢીને અવકાશ આપવો અનિવાર્ય છે.

આનંદ પંડિત માને છે કે આજે જે કોઈ ફિલ્મ સર્જક અથવા અભિનેતા સ્થાપિત છે, તે પણ ક્યારેક નવોદિત હતા જેને કોઈએ પ્રથમ તક આપી હતી. અનુભવ તકનીકી અમલીકરણ શીખવી શકે છે, પણ વાર્તાને જોવાનો તદ્દન તાજો અને અનોખો દ્રષ્ટિકોણ બહારથી શીખવી શકાતો નથી. ઉદ્યોગને સતત ધબકતો રાખવા માટે નવી પેઢીને અવકાશ આપવો અનિવાર્ય છે. ગુજરાતી ફિલ્મે પોતાના મૂળિયા છોડવાની પણ જરૂર નથી. સ્થાનિક સંસ્કૃતિ, પરંપરા અને તળપદી સંવેદના જ તેની સૌથી મોટી તાકાત છે. સબટાઈટલ્સ, ડબિંગ અને ડિજિટલ સ્ટ્રીમિંગ જેવા માધ્યમો ભાષાકીય સીમાડા તોડી રહ્યા છે, પણ છેવટે તો દર્શકોને જકડી રાખવાનું કામ ફિલ્મની વાર્તા જ કરે છે. ગુજરાતી સંસ્કૃતિ, સંબંધોની મીઠાશ અને નિર્દોષ હાસ્ય ખૂબ વિશિષ્ટ હોવા છતાં સર્વસામાન્ય માનવીય લાગણીઓને સ્પર્શે છે. ભાવનાત્મક જોડાણ જો સાચુ હોય, તો ભાષા ક્યારેય અંતરાય બનતી નથી.

પોતાની તાજેતરની ગુજરાતી ફિલ્મ 'અસંભઉઉ' વિશે આનંદ પંડિતે જણાવ્યું કે દિગ્દર્શક પાર્થ ત્રિવેદીનો મૂળ વિચાર અને અભિગમ આ પ્રોજેક્ટ સાથે જોડાવાનું મુખ્ય કારણ બન્યો. આ વાર્તામાં એક માણસ અને તેના વફાદાર શ્વાન વચ્ચેનો લાગણીસભર સંબંધ દર્શાવવામાં આવ્યો છે, જે મહાભારતની એક પ્રસિદ્ધ પૌરાણિક કથાનું સ્મરણ કરાવે છે. સાંસ્કૃતિક વારસાને એક અત્યંત અંગત સંબંધ સાથે જોડવાનો આ પ્રયાસ અનોખો હતો. આ ભૂમિકા માટે અભિનેતા મિત્ર ગઢવી તદ્દન સાહજિક પસંદગી પૂરવાર થયા છે. એક સમર્પિત નિર્માતા તરીકે તેમનું લક્ષ્ય સર્જનાત્મક ટીમને સંપૂર્ણ મુક્ત વાતાવરણ પૂરુ પાડવાનું અને પ્રોડક્શનની સીમાઓ જાળવવાનું રહ્યું છે, જે સિનેમાને નવી ઊંચાઈએ પહોંચાડે છે.■

# અંદાઝ અપના અપનાની રિમેકને નડતી મુશ્કેલી સાવ અલગ છે

સલમાન અને આમિર ખાનની ક્લાસિક કોમેડી ફિલ્મ 'અંદાજ અપના અપના'ની રિલિઝને ૩૨ વરસ થઈ ગયા. આ ત્રણ દાયકા દરમિયાન 'એએએ'ના ડિરેક્ટર રાજકુમાર સંતોષીને અવારનવાર પૂછાયું છે કે તમે બંને સુપરસ્ટાર્સને લઈને ફિલ્મની રિમેક બનાવશો કે નહિ? હમણાં છેલ્લે 'બટવારા : ૧૯૪૭' નામની ફ્લોપ ફિલ્મ આપનાર રાઈટર-ડિરેક્ટરે આજ સુધીમાં એકેય વાર રદ્દીયો આપવાની તસ્દી નથી લીધી. સંતોષી મીડિયાને રાજી રાખવા એક જ ગાણું ગાતા આવ્યા છે કે હું 'એએએ' ફરી બનાવીશ.

> કોપીરાઈટ્સ સદ્ગત નિર્માતા વિનય સિંહાનાં પત્ની શાંતિ સિંહા અને એમનાં ત્રણ સંતાનો પાસે છે. એમને પ્રોજેક્ટમાં સામેલ કર્યા વિના કોઈ પણ ફોર્મેટમાં આ કલ્ટ કોમેડી મૂવી બનાવવી શક્ય નથી.



અલબત્ત, હકીકત જુદી છે. સંતોષી જાતે રિમેક કે સિક્વલનો નિર્ણય લઈ શકે એમ નથી. ફિલ્મના કોપીરાઈટ એના પ્રોડ્યુસર સદ્ગત વિનય સિંહા પાસે હતા. એમનું ૨૪ જાન્યુઆરી ૨૦૨૦ના અવસાન થયા બાદ હવે એ કોપીરાઈટ્સ એમના પત્ની શાંતિ વિનય સિંહા અને એમના ૩ સંતાનો પાસે છે. એમને પ્રોજેક્ટમાં સામેલ કર્યા વિના કોઈ પણ ફોર્મેટમાં કલ્ટ કોમેડી મૂવી બનાવવી શક્યા નથી.

૧. સૌથી પહેલી વાત એ કે સિંહા ફેમિલીએ પોતાના કાનૂની સલાહકાર તરીકે એક મોટી લો ફર્મની નિમણૂંક કરી છે. એવું સંભળાય છે કે 'અંદાજ અપના અપના'ના કોઈ પાત્ર કે સીનનો ક્યાંય પણ ગેરકાયદે ઉપયોગ થાય ત્યારે એવી ભૂલ કરનાર પાર્ટીને તરત સિંહાઝના વકીલો તરફથી નોટિસ બજાવાય છે.

૨. આમિરને 'એએએ'ની રિમેક બનાવવાની બહુ ઈચ્છા હતી. પોતાના હોમ પ્રોડક્શનની ફિલ્મ 'બટવારા'ના મેકિંગ દરમિયાન એણે સંતોષી સાથે આ સંબંધમાં વાત પણ કરી હતી. સલમાન સાથે પણ ચર્ચા કરી હતી.

૩. સલમાનને પૂછાયું હતું કે તમે 'એએએ'ની રિમેકમાં કામ કરશો કે કેમ? સલમાને ત્યારે એમ કહીને વાત વાળી લીધી હતી કે સમય આવે આપણે એ વિશે વાત કરીશું. આ ફિલ્મ સિંહાના વારસાનો એક ભાગ છે. એવું જાણવા મળ્યા બાદ ભાઈજાને પીછેહઠ કરી લીધી છે.

૪. આધારભૂત સૂત્રોએ એ વાતની પુષ્ટિ કરી છે કે આ તબક્કે સિંહા પરિવારની કોઈ પણ ફોર્મેટમાં 'એએએ'ની રિમેક બનાવવાની યોજના નથી. ભવિષ્યમાં ક્યારેક એમનો વિચાર બદલાશે તો તેઓ એ વિશે સત્તાવાર જાહેરાત કરશે.

૫. સિંહા પરિવારે 'એએએ'ને ડોલ્બી સાઉન્ડ ૪કેમાં ડિજિટલી રિમાસ્ટર્ડ કરી ૨૫મી એપ્રિલ, ૨૦૨૫માં થિયેટરોમાં રી-રિલિઝ કરી હતી. ઓરિજિનલ રિલિઝ વખતે માત્ર ૫.૧૫ કરોડ જેટલું કલેક્શન કરનારે રી-રિલિઝમાં પહેલા સપ્તાહમાં જ દોઢ કરોડનો બિજનેસ કર્યો હતો.■

# એક નહીં, બબ્બે સોંગલેસ ફિલ્મોનું હિટ સંગીત પીરસ્યું...

સિને મેજિક — અજિત પોપટ

કેવો અદ્‌ભુત યોગાનુયોગ ! બે ક્રાઇમ થ્રીલર ફિલ્મો, બંને સુપરહિટ નીવડેલી ફિલ્મો. બંને ફિલ્મો વચ્ચે લગભગ દસ વર્ષનો ગાળો. બંને ફિલ્મો એક જ બેનર તળે બનેલી. બંનેમાં પરફેક્ટ સંગીત પીરસી શકે એવા સંગીતકારની તલાશ. આમ તો બી. આર. ફિલ્મ્સના કાયમી સંગીતકાર રવિ હતા જ. બી આર ફિલ્મ્સ. બી. આર. ચોપરાની ઘોડાગાડી (પશુબળ) અને બસ (યંત્રબળ) વચ્ચેની સ્પર્ધાની વાત રજૂ કરતી ફિલ્મ 'નયા દૌર' એકમાત્ર ફિલ્મ એવી હતી જેમાં ઓ. પી. નય્યરનું સુપરહિટ સંગીત હતું. ત્યારબાદ બી. આર. ચોપરાની લગભગ બધી ફિલ્મોમાં સંગીત રવિનું હતું. પરંતુ બી. આર. ચોપરાએ જ્યારે એક પણ ગીત વિનાની ફિલ્મો બનાવવાનો નિર્ણય કર્યો ત્યારે એમને એવા સંગીતકારની જરૂર પડી જે ફિલ્મની દરેક ફ્રેમમાં વ્યક્ત થઇ રહેલી અનુભૂતિને, સંવેદનને બેકગ્રાઉન્ડ મ્યુઝિક દ્વારા જીવંત કરે.

એ ચેલેંજ રૂપ કહો વિકટ કાર્ય કહો, સંગીતકાર સલિલ ચૌધરીએ કરી બતાવ્યું. સમર્થનવિહોણા એક અહેવાલ મજબ 'મધુમતી'માં સલિલદાનું કામ જાતે અનુભવનારા અભિનેતા દિલીપકુમારે સલિલદાનું નામ બી. આર. ચોપરાને સૂચવેલું હોઇ શકે. પશુબળ વિરુદ્ધ યંત્રબળની કથા ધરાવતી ફિલ્મમાં દિલીપકુમાર હીરો હતા. મધુમતીમાં પણ દિલીપકુમાર હીરો હતા અને આ ફિલ્મનાં કેટલાંક દ્રશ્યોમાં રહસ્યનો અહેસાસ કરાવવાનો હતો જે સલિલ ચૌધરીએ આબાદ રીતે કરી બતાવ્યો હતો.


કાનૂન


ઇત્તેફાક

> 'કાનૂન' અને 'ઇત્તેફાક' બંનેની કથાનું સ્વરૂપ અલગ અલગ હતું. બંનેનો કથાપ્રવાહ અત્યંત ઝડપથી વહેતો હતો. એના બેકગ્રાઉન્ડ મ્યુઝિકને સમજવા માટે પ્રિય વાચક, તમારે યુટ્યુબ પર બંને ફિલ્મો માણવી રહી. અહીં હન્ડ્રેડ પીસ ઓરકેસ્ટ્રા નથી. અત્યંત ભારે કહી શકાય એવાં વાજિંત્રોનો બેફામ ઉપયોગ પણ નથી. કથાના વેગવાન પ્રવાહમાં દર્શક મગ્ન થઇ જાય અને થોડીવાર માટે સ્થળ કાળનું ભાન ભૂલી જાય એ રીતે કથાની સાથોસાથ બેકગ્રાઉન્ડ મ્યુઝિક વહેતું રહે છે.

૧૯૬૦માં બી. આર. ચોપરાએ પહેલી સોંગલેસ ફિલ્મ 'કાનૂન' બનાવી. ઐતિહાસિક દ્રષ્ટિએ આ બીજી સોંગલેસ ફિલ્મ હતી. પહેલી સોંગલેસ ફિલ્મ મુન્ના ૧૯૫૭માં કે એ અબ્બાસે બનાવેલી. 'કાનૂન' ફિલ્મ ઘણી રીતે વિશિષ્ટ હતી. એના વિશે ઘણું લખાયું છે એટલે અહીં પુનરાવર્તન કરતો નથી. આ ફિલ્મની કથાનો વેગ સડસડાટ વહેતો રહે એટલા માટે એમાં ગીતો નહીં રાખવા એવો નિર્ણય બી. આર. ચોપરાએ કરેલો. કેટલાક મિત્ર ફિલ્મ સર્જકોએ ચોપરાને ચેતવેલા કે આ નિર્ણય જોખમી સાબિત થઇ શકે. ખાસ કરીને કોર્ટના દ્રશ્યોમાં જ્યાં રહસ્યસભર નીરવતા છે, માત્ર કોર્ટની દિવાલ પરની ઘડિયાળમાં થઇ રહેલી ટક ટકનો ધ્વનિ સંભળાય છે, રહસ્ય વધુ ને વધુ ઘેરું થતું જાય છે એવા દ્રશ્યમાં ભલભલા સંગીતકારની કસોટી થઇ જાય. બાહોશ યુવાન વકીલ માને છે કે પોતે ખૂનીને ખૂન કરતાં નજરે જોયેલો. ખૂની બીજો કોઇ નહીં પણ પોતાના પાલક પિતા જેવા માનનીય જજસાહેબ છે. જજની પુત્રી અને યુવાન વકીલની પ્રિયતમા સંજોગોને સમજીને અન્ય કોઇ વ્યક્તિ ખૂનનો આરોપ પોતાના પર લઇ લે એવા પ્રયાસો પણ કરે છે. એવા પ્રચંડ ટેન્શનભર્યાં દ્રશ્યોને ઝાઝેરો ઘોંઘાટ ન સર્જે અને કથામાં વિક્ષેપ ન સર્જે એ રીતે સંગીત પીરસવાનું હતું. એમાં ઢેન ટેણેન જેવું ચીલાચાલુ અને ઘસાયેલું-પીટાયેલું સંગીત ચાલે નહીં. સલિલ ચૌધરીએ કાનૂન ફિલ્મમાં એવું ઘેરું બેકગ્રાઉન્ડ સંગીત પીરસ્યું કે ઓડિયન્સ ડઘાઇ જાય. બી.આર. ચોપરા અને સલિલ ચૌધરીએ સાથે કરેલી આ પહેલી સોંગલેસ ફિલ્મ.

બરાબર આઠ નવ વર્ષના ગાળા પછી બી. આર. ચોપરાએ બીજી સોંગલેસ ફિલ્મ બનાવી. એ હતી 'ઇત્તેફાક'. આ ફિલ્મ એ સમયના સુપરહિટ ગુજરાતી નાટક 'ધૂમ્મસ'ની કથા પરથી બની રહી હતી. ૧૯૬૫માં બનેલી અમેરિકન ફિલ્મ 'સાઇનપોસ્ટ ટુ મર્ડર' પરથી 'ધૂમ્મસ' નાટક બનેલું. 'ધૂમ્મસ' પરથી બી. આર. ચોપરાએ 'ઇત્તેફાક' ફિલ્મ બનાવી. 'કાનૂન'માં અશોકકુમાર, રાજેન્દ્રકુમાર અને નંદા મુખ્ય ભૂમિકામાં હતાં તો 'ઇત્તેફાક'માં રાજેશ ખન્ના, નંદા અને સુજિત કુમાર હતાં. 'કાનૂન'ની તુલનાએ આ ફિલ્મ વધુ પડકારજનક હતી. આ એક મર્ડર સ્ટોરી હતી અને એમાં પળે પળે ઉત્તેજક દ્રશ્યો દ્વારા કથા અતિ વેગે વહી જતી હતી. ફરી એકવાર બી. આર. ચોપરાને સલિલ ચૌધરી યાદ આવ્યા. સલિલદાએ મૂળ અમેરિકન ફિલ્મ જોવાની ઇચ્છા વ્યક્ત કરી. બી.આર. ચોપરાએ એની પણ વ્યવસ્થા કરી. એ પછી સલિલદાએ કદાચ, (યસ કદાચ જ) 'ધૂમ્મસ' નાટક જોયું. ત્યારબાદ 'ઇત્તેફાક'નાં રશ પ્રિન્ટ ફિલ્મના ડાયરેક્ટર યશ ચોપરા સાથે બેસીને શાંતિથી જોયાં. પોતાની રીતે નોંધ ટપકાવતા રહ્યા અને યશજી સાથે એની વિગતવાર ચર્ચા પણ કરતા રહ્યા.

આટલી લાંબી પ્રસ્તાવના લખવાનું કારણ એ કે 'કાનૂન' અને 'ઇત્તેફાક' બંનેની કથાનું સ્વરૂપ અલગ અલગ હતું. બંનેનો કથાપ્રવાહ અત્યંત ઝડપથી વહેતો હતો. એના બેકગ્રાઉન્ડ મ્યુઝિકને સમજવા માટે પ્રિય વાચક, તમારે યુટ્યુબ પર બંને ફિલ્મો માણવી રહી. અહીં હન્ડ્રેડ પીસ ઓરકેસ્ટ્રા નથી. અત્યંત ભારે કહી શકાય એવાં વાજિંત્રોનો બેફામ ઉપયોગ પણ નથી. કથાના વેગવાન પ્રવાહમાં દર્શક મગ્ન થઇ જાય અને થોડીવાર માટે સ્થળ કાળનું ભાન ભૂલી જાય એ રીતે કથાની સાથોસાથ બેકગ્રાઉન્ડ મ્યુઝિક વહેતું રહે છે. દર્શકના હૃદયના ધબકારા વધારી દેવા હોય ત્યાં એ પ્રકારનું સંગીત છે અને જ્યાં દર્શકને થોડો વિચારતો કરી દેવો હોય ત્યાં સૌમ્ય સંગીત વહેતું રહે છે. દ્રશ્યમાં રહેલું સંવેદન, જે તે પાત્રની માનસિક સ્થિતિ અને હવે પછી શું થશે એવી દર્શકની ઉત્સુકતાને ધક્કો મારે, આમ ત્રણ દ્રષ્ટિએ સંગીત સલિલદાએ પીરસ્યું હતું. 'ઇત્તેફાક'ની ઔર એક ખૂબી એ હતી કે એમાં ઇન્ટરવલ નહોતો. સળંગ આખી કથા પરદા પર રજૂ થઇ હતી. એ બધી બાબતોને ધ્યાનમાં રાખીને કોઠાસૂઝ વાપરીને સલિલદાએ સંગીત પીરસ્યું હતું. બંને ફિલ્મો સુપરહિટ નીવડી હતી, બંને ફિલ્મોનું સંગીત ચોમેરથી ખૂબ વખણાયું હતું.

# TV TALK

## રાહુલ નિર્દોષ જાહેર થતાં પ્રત્યુષાની માતાએ કહ્યું, 'ઉસકો છોડના નહીં હૈ'



અભિનેત્રી પ્રત્યુષા બેનરજીએ આત્મહત્યા કર્યાની ઘટનાને દશ વર્ષ થયા પછી મુંબઈ વડી અદાલતે થોડા દિવસ પહેલા જ ચુકાદો આપ્યો છે કે તેના તત્કાલિન બોય-ફ્રેન્ડ અભિનેતા રાહુલ રાજ સિંઘને આત્મહત્યા માટે ઉશ્કેરણી કરવાની કેસમાંથી મુક્ત કરવામાં આવે છે. 'બાલિકા વધુ'ના શોની અત્યંત જાણીતી અભિનેત્રી પ્રત્યુષા બેનરજી પહેલી એપ્રિલ, ૨૦૧૬ના રોજ રાહુલના ફ્લેટમાંથી મૃત હાલતમાં મળી આવી હતી.

મુંબઈ વડી અદાલતના ચુકાદા અંગે પત્રકારો સાથે વાતચીત કરતાં પ્રત્યુષાની માતા સોમા બેનરજીએ કહ્યું, 'ઉસકો છોડના હી નહીં, યે તો ગલત હૈ, આ ચુકાદો કેવી રીતે આવી શકે? તેને નિર્દોષ જાહેર કરીને કેવી રીતે મુક્ત કરી શકાય? મેં કોઈ પુરાવા જોયા નથી. કંઈ નહીં, કશું જ નહીં.'

આ સાથે જ સોમા બેનરજીએ વધુમાં ઉમેર્યું, હું તો સુનાવણીમાં મારા પતિ શંકર બેનરજી સાથે હાજર હતી, જે અધવચ્ચેથી જ ચાલ્યા ગયા હતા. તેમની આગામી કાર્યવાહીની ચર્ચા કરતાં સોમા કહે છે, ભરોસા હૈ ન્યાયતંત્ર પે, આ કારણે જ તો અમે દશ વર્ષ રાહ જોઈ. હું મારા પતિ અને કાનૂની ટીમ સાથે ચર્ચા કરી રહી છું કે અમારું આગળનું પગલું શું હોવું જોઈએ.

## રોમિત રાજઃ માધ્યમ નહીં, પણ ઉત્તમ કામ જ કાર્ય કરે છે...



ટેલિવિઝન પરથી ૧૫ મહિના સુધી બ્રેક લીધા પછી હવે અભિનેતા રોમિત રાજ રાજન શાહીના લોકપ્રિય શો 'અનુપમા'માં રણવિજય તરીકે એટલે કે સચીન ત્યાગીના પુત્ર તરીકે અત્યારે ચમકી રહ્યો છે. આ અભિનેતા છેલ્લે તો 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ'માં જોવા મળ્યો હતો. રોમિત રાજ કહે છે, પાત્રની જટિલતાએ તેના માટે ભૂમિકાને ખાસ રોમાંચક બનાવી છે. 'અનુપમા'નું પાત્ર ભજવવું એ એવી વસ્તુ હતી, જેની તેણે વર્ષોથી આશા રાખી હતી. હું આ ભૂમિકા ભજવી રહ્યો છું તેથી તે મને લગભગ સ્વપ્ન સાકાર થવા જેવું લાગે છે, એમ તેણે કહ્યું છે.

પોતાના ૧૫ મહિનાના વિરામ અંગે રોમિત રાજ કહે છે, વિકાસ અને આત્મનિરીક્ષણનો સમયગાળો હતો. મેં આ સમયનો ઉપયોગ મારા શરીર પર કામ કરવા, અભિનય અને સિનેમા વિશે વ્યાપકપણે વાંચવા અને એક અભિનેતા તરીકે સતત શીખવા અને સતત વિકસિત થવા માટે કર્યો. આ ઉપરાંત મેં વિપશ્યના અને મંત્રોના જાપ દ્વારા મારા આધ્યાત્મિક વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કર્યું. હું ખરેખર માનું છું કે અભિનેતાનો માર્ગ ફક્ત તમે વ્યાવસાયિક રીતે શું કરો છો તેના પર જ નહીં, પણ તમે એક વ્યક્તિ તરીકે કેટલો વિકાસ કરો છો, તેના પર પણ આધારિત છે.

રોમિત કહે છે કે કોઈ ચોક્કસ પ્લેટફોર્મ પાછળ દોડવાને બદલે તેના પર ધ્યાન કેન્દ્રીત કરવું એ ચાવી છે. તે વધુમાં ઉમેરે છે, ટેલિવિઝન માટે પ્રતિબધ્ધતાનું અવિશ્વસનીય સ્તર જરૂરી છે. તમે વર્ષો સુધી દરરોજ ૧૨-૧૪ કલાક કામ કરી શકો છો, પરંતુ સાચી વાત તો એ છે કે તમે લાખો ભારતીયોના ઘરોનો ભાગ બનો છો. ફિલ્મોની પોતાની અનિશ્ચિતતા હોય છે. જ્યારે ઓટીટી તો સંપૂર્ણપણે અલગ જ હોય છે. તમે થોડા અઠવાડિયા માટે શુટિંગ કરી શકો છો અને પછી પ્રોજેક્ટ સ્ટ્રીમ થાય છે, પણ એ પહેલાં લાંબી રાહ જોવાની હોય છે તેથી મને લાગે છે કે માધ્યમનો પીછો ન કરો, કામનો પીછો કરો. સુધારા કરતા રહો, વિશ્વાસ કરતાં રહો અને તમારા લક્ષ્ય તરફ આગળ વધતા રહો, એમ રોમિત રાજે જણાવ્યું હતું.

## શેહનાઝ ગિલનો ટ્રોલ્સ માટે જવાબ : તમને માત્ર વ્યૂઝ જોઈએ છે!

અભિનેત્રી શહેનાઝ ગિલે અવારનવાર બિનજરૂરી અફવા અને ટ્રોલ્સમાં ફસાતી રહે છે. હજુ થોડા દિવસ પહેલાં જ તે પંજાબી ફિલ્મ 'સિંઘ વર્સેસ કૌર-૨'માં જોવા મળી. શહનાઝ ગિલનું નામ 'કિસી કા ભાઈ કિસી કી જાન' (૨૦૨૩)ના સહ-અભિનેતા રાઘવ જુવાલ સાથે જોડાયું છે, પરંતુ આવી અફવાનો સામનો કરવામાં તેનો એક મજેદાર અભિગમ પણ છે, જે જાણવા જેવો છે.



'હું હેડલાઈન્સ બનાવનારાનો ઈરાદો સમજું છું. તેઓ માત્ર વ્યૂઝ ઇચ્છે છે. વરના વો ન્યૂઝ કૈસે બેચેંગે અગર ખરાબ હેડલાઈન્સ નહીં લગાયેંગે,' એવો તેણે કટાક્ષ કર્યો.

પૂછો કે તેને રમૂજની વિચિત્ર ભાવના ક્યાંથી મળે છે તો શેહનાઝ કહે છે, 'ખૂન પંજાબી કા હૈ ના, તો કોમેડી કરતી નહીં હું મૈં, કોમેડી લગતી હું. આ બધું સ્વાભાવિક રીતે આવે છે,' એમ કહી શહેનાઝ ઉમેરે છે, 'મને ક્યારેય કોઈએ મીડિયા સાથે કેવી રીતે બોલવું, કેવી રીતે ચાલવું અને કેવી વર્તણૂક કરવી એ અંગે જણાવ્યું નથી. મને ઘણી બધી વાતો કહેવામાં આવી હતી, પરંતુ મને વિશ્વાસ છે કે જો હો વહી રહો અને લોકો તમને સ્વીકારશે,' એમ શેહનાઝે જણાવ્યું હતું.

આ સાથે શેહનાઝે એમ પણ કહ્યું હતું કે 'જો મારી જીભ લપસી જાય અને તે હેડલાઈન બની જાય તો હું ફક્ત પ્રાર્થના કરું છું કે બેચારો કો મેરી વજહ સે વ્યૂઝ મિલ જાયે.'

# ડોલી ચાવલા : નેગેટિવ રોલ કરો એટલે ટાઇપકાસ્ટ થયા જ સમજો



ડોલી ચાવલાની મુંબઇની એક દાયકા જૂની તેની કારકિર્દી તેના માટે સતત ઓડિશન, અસ્વીકાર અને નકારાત્મક ભૂમિકાઓમાં ટાઇપકાસ્ટ બનવા સમી રહી છે. તેણે આ કારકિર્દીમાં અગણિત અસફળતાને ખૂબ નિકટતાથી નિહાળી છે, પણ તેની સામે ઝુકી નથી અને આથી જ અત્યારે જે સ્થાને છે ત્યાં સંતોષ છે પણ વધુ પડકારરૂપ ભૂમિકા ભજવવાનો શોખ તેણે પડતો મૂક્યો નથી. હાલમાં જ ડોલી ચાવલા 'તુમ સે તુમ તક'માં મીરા તરીકે જોવા મળી.

આથી, આ સંદર્ભમાં જ ડોલી ચાવલા કહે છે કે એક્ટિંગ પ્રત્યેનો અપીટ પ્રેમ અને કેમેરા પ્રત્યેના વળગણે જ તેને પડકારો છતાં આગળ વધતી રાખી છે. 'હું છેલ્લા દશ વર્ષથી આ ઉદ્યોગમાં કામ કરી રહી છું. મારો પહેલો શો 'થપકી પ્યાર કી' હતો. મને લાગે છે કે 'એકવાર તમે ગ્રે કે નેગેટિવ પાત્ર ભજવો છો, પછી તે ઝોનમાં લોકો તમને પસંદ કરવા લાગે છે અને તમે ટાઇપકાસ્ટ થવાનું શરૂ કરો છો, એમ તે કહે છે.

> 'હું છેલ્લાં દસ વર્ષથી આ ઉદ્યોગમાં કામ કરી રહી છું. મને લાગે છે કે એક વાર તમે ગ્રે કે નેગેટિવ પાત્ર ભજવો છો, પછી તે ઝોનમાં લોકો તમને પસંદ કરવા લાગે છે અને તમને એ જ પ્રકારના રોલ્સ ઓફર થયા કરે છે...'

અભિનેત્રી હવે ઓટીટી પર મજબૂત ભૂમિકાઓ શોધવાની આશા રાખે છે કારણ કે તેણે પહેલાથી જ 'હસરતે-૨' જેવા પ્રોજેક્ટસમાં કામ કર્યું છે. હું એક વેબ સીરિઝ કરવા માંગું છું. આપણી ઈન્ડસ્ટ્રીમાં, ઘણી વાર ટેલિવિઝનના કલાકારોને વેબ શો માટે ધ્યાનમાં લેવામાં આવતા નથી. મને કહેવામાં આવ્યું છે કે જો તમે ઓટીટી પર કામ કરવા માગતા હો તો તમારે ટેલિવિઝનમાંથી બ્રેક લેવો પડશે. પણ એ હંમેશા શક્ય નથી હોતું, કારણ કે તમારે તમારા ઘરને ચાલુ રાખવાની જરૂર છે,' એમ તે કહે છે.

દિલ્હીથી મુંબઇ જેવા એ તો જીવન બદલી નાખનારો બીજો તબક્કો હતો. ડોલી યાદ કરતાં કહે છે, 'શરૂઆતમાં તે મુશ્કેલ હતું અને મને આ ઝડપી ગતિ ધરાવતા શહેરની સમજ નહોતી. જ્યાં તમારા મિત્રો છે, પરંતુ તે જ સમયે તમારી પાસે ખરેખર તે નથી,' એમ તે કહે છે જો કે વર્ષોથી મુંબઇ મારું ઘર બની ગયું છે. મને આ શહેરની આદત પડી ગયા પછી મને અહીં ઘર જેવું લાગવા લાગ્યું છે. હવે મને દજિલ્હી સમજાતું નથી,' એમ ડોલી હસતા હસતા કહે છે.

# ટચૂકડા પડદા પર ટોચના સિતારાઓની કમાન








**મોટા પડદાના ટોચના કલાકારોને જોવા માટે દર્શકોને એક સમયે કોઇ ખાસ ઇવેન્ટ,પ્રસંગ, ક્રિકેટનું મેદાન અથવા તો ફિલ્મના પ્રમોશનની રાહ જોવી પડતી હતી. હવે એ જ સિતારાઓ ટેલિવિઝનના અલગ-અલગ શોનું સંચાલન કરીને લોકોના ઘર સુધી પહોંચી ગયા છે. એક સમય એવો હતો જ્યારે બોલિવુડના ટોચના સિતારાઓનું ટેલિવિઝન પર આવવું એ ખાસ પ્રસંગ માનવામાં આવતો હતો. ૨૦૦૦માં અમિતાભ બચ્ચને 'કૌન બનેગા કરોડપતિ?' શોના સંચાલનને શરૂ કર્યા પછી સલમાન ખાન, શાહરૂખ ખાન, આમિર ખાન અને અક્ષય કુમાર અલગ-અલગ શોના હોસ્ટ તરીકે જોવા મળતા હતા. ૨૦૨૬માં ટોચના સિતારાઓ એક પછી એક મોટા પડદા પર જોવા મળી રહ્યા છે. હાલની વાત કરીએ તો અજય દેવગણ, અનિલ કપૂર, અમિતાભ બચ્ચન, સલમાન ખાન અને માધુરી દીક્ષિત જેવાં કલાકારો અલગ અલગ શોની કમાન સંભાળી રહ્યા છે. જ્યારે ક્રિકેટ સાથે જોડાયેલા રોહિત શર્મા અને વીરેન્દ્ર સહેવાગ પણ રિયાલિટી શોની દુનિયામાં સક્રિય છે. મરાઠી બિગ બોસનું સંચાલન પહેલાથી જ રિતેશ દેશમુખ કરી રહ્યા છે.**

**અમિતાભ બચ્ચન : કૌન બનેગા કરોડપતિ**

અમિતાભ બચ્ચન કૌન બનેગા કરોડ પતિ શોનું સંચાલન કરી રહ્યો છે. આ શો ક્વિઝ શો અમિતાભ હોસ્ટ કરી રહ્યો હોવાથી વધુ ખ્યાતિ પામ્યો છે. મોટા ભાગના લોકો તો ખાસ કરીને અમિતાભ બચ્ચનને જોવા માટે આ શો જોઇ રહ્યા છે તેમાં શંકાને કોઇ સ્થાન નથી. આ ક્વિઝ શો વખતની તેમની શૈલી, રમૂજ વગેરેનો આનંદ પણ લોકોને મળે છે.

**અજય દેવગણ : ક્રાઇમ પેટ્રોલ-ક્રાઇમ કા કરન્ટ સીઝન**

પહેલા ક્રાઈમ પેટ્રોલ તરીકે ઓળખાતા શોનું સંચાલન અનૂપ સોની કરતો હતો. બોલીવૂડના સિંઘમે ૩૧ ઓગસ્ટથી ક્રાઈમ પેટ્રોલ-ક્રાઈમ કા કરન્ટ સીઝનમાં હોસ્ટ અને નેરેટરની ભૂમિકા સંભાળી લીધી.

**અનિલ કપૂર : ઇન્ડિયાઝ ટોપ વન પરસન્ટ**

અનિલ કપૂર એક અલગ પ્રકારના ગેમ શોનું સંચાલન કરતો જોવા મળી રહ્યો છે. ઈન્ડિયાના ટોપ વન પરસન્ટમાં સામાન્ય જ્ઞાનની બદલે સ્પર્ધકોના લોજિક, ઓબ્ઝર્વેશન, કોમન સેન્સ અને પ્રેઝન્ટ ઓફ માઈન્ડની પરીક્ષા વામાં આવે છે.

**માધુરી દીક્ષિત : મરાઠી કેબીસી**

માધુરી દીક્ષિત પણ આ ટ્રેન્ડનો હિસ્સો બની ગઇ છે. અભિનેત્રી મરાઠી ક્વિઝ શો કોણ હોળાર કરોડપતિનું હોસ્ટ કરી રહી રહી છે. રસપ્રદ છે કે અભિનેત્રી ૨૪ વરસ પછી ટેલિવિઝન પર શોનું સંચાલન કરતી જોવા મળી છે. આ પહેલા તેણે ૨૦૦૨માં કહીં ન કહીં કોઈ હૈ શોનું સંચાલન કર્યું હતું.

**રિતેશ દેશમુખ : મરાઠી બિગ બોસ**

રિતેશ દેશમુખ આ ટ્રેન્ડમાં નવો નથી. અભિનેતા મરાઠી બિગ બોસની છઠ્ઠી સીઝનને હોસ્ટ કરી . આસીઝન ૧૧ જાન્યુઆરીથી શરૂ થઇ હતી અને ૧૯એપ્રિલના રોજ સમાપ્ત થઇ હતી.

**સલમાન ખાન : બિગ બોસ ૨૦**

તે બિગ બોસનું વરસોથી સંચાલન કરી રહ્યો છે. અભિનેતા વિકેન્ડ કા વાર, પ્રીમિયર અને ફિનાલેના દિવસે ટેલિવિઝન પર જોવા મળે છે.

# ઘનઘોર જંગલમાં હર્ષવર્ધન રાણે નકશા સામે નજર કરતો નથી



હેન્ડસમ એક્ટર હર્ષવર્ધન રાણેના કરીઅર સાથે પહેલેથી આશ્ચર્ય અને અનિશ્ચિતા જોડાયેલી રહી છે. ખાસ કરીને એને સફળતા એક સરપ્રાઈઝ (આશ્ચર્ય)રૂપે જ મળી છે. દાખલા તરીકે રાણેએ ૨૦૧૬માં બોલીવુડમાં 'સનમ તેરી કસમ' ફિલ્મથી ડેબ્યુ કર્યું. એ વખતે ફિલ્મ બોક્સ-ઓફિસ પર કાંઈ ઉકાળી નહોતી શકી. એ જ મૂવી ૨૦૨૫માં થિયેટરોમાં ફરીથી રિલીઝ કરાઈ અને કમાલ થી ગઈ. રી-રિલિઝમાં સનમ તેરી કસમ ચાલી નીકળી અને હર્ષ વર્ધન ફરી લાઈમલાઈટમાં આવી ગયો. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવા સુખદ આશ્ચર્યો ભાગ્યે જ બનતા હોય છે. બીજો દાખલો હમણાંનો જ છે. ૨૦૨૫માં રાણેને એક માથાભારે પોલિટિશયનના રોલમાં ચમકાવતી અનોખી રોમાંટિક ફિલ્મ 'એક દીવાને કી દિવાનિયત' સિનેમા ઘરોમાં રિલીઝ થઈ. મિલાપ ઝવેરી દિગ્દર્શિત ફિલ્મની ઝાઝી નોંધ પણ નહોતી લેવાઈ પરંતુ યુવા દર્શકોને એ ગમી ગઈ અને ફિલ્મ માઉથ પબ્લિસિટીથી હિટ થઈ ગઈ.

હર્ષ વર્ધનનો બોલીવુડમાં કોઈ ગોડફાધર નથી. એણે પોતાના દમ પર કરીઅર બનાવ્યું છે. એટલે સ્વાભાવિક છે કે એક્ટરે મુશ્કેલ તબક્કાનો સામનો કર્યો હોય. હમણાં એક પોડકાસ્ટ ઈન્ટરવ્યુમાં રાણેને પૂછાયું, 'સર, તમને ડિફિકલ્ટ ફેઝ દરમ્યાન ક્યારેય ઈન્ડસ્ટ્રી છોડી દેવાનો વિચાર આવ્યો હતો ખરો?' એનો હોઠ ભીડીને જવાબ આપતા ૪૩ વરસનો એક્ટર કહે છે, 'હું માનું છું કે મારામાં જન્મથી જ ખંત અને ધીરજના ગુણવિશેષ છે. જ્યારે સંજોગોએ મને બોલ્ડ અને સ્ટ્રોંગ બનાવ્યો. મારી એક બેસિક ફિલ્મસુફી રહી છે કે આ જગતમાં તમને કાંઈ તાસક પર ધરેલું નથી મળતું, તમારે તમારો માર્ગ બનાવવો પડે છે. તમને એક રૂપક આપીને સમજાવું. તમે કોઈ ઘનઘોર જંગલમાં પ્રવેશો ત્યારે નકશાની અપેક્ષા ન રાખી શકો. જંગલનો નકશો તમારી પાસે ન હોવાની ફરિયાદ કરવી નિરર્થક છે. મૂળમાં જંગલ એવી જગ્યા છે જ્યાં ક્યારે શું બનશે એ કોઈ જાણતું નથી. હવે તમારા મૂળ સવાલ પર આવીએ વાત એમ છે કે પ્રયાસ પડતો મુકવો એક લક્ઝરી છે જે મને પોસાય તેમ નથી. એ પ્રિવીલેઝ્ડ લોકોની તરંગ છે. સદ્ભાગ્યે, હું પ્રિવીલેજ્ડ ક્લાસનો નથી.'

**હર્ષવર્ધનનો જન્મ અને ઉછેર આન્ધ્ર પ્રદેશમાં થયો છે. રાણે પોતાની માતૃભાષા મરાઠી જેટલી જ ફ્લુઅન્ટલી તેલુગુ બોલી શકે છે.**

'હસીન દિલરુબા', 'ડાંગ' અને 'સાવી' જેવી ફિલ્મોમાં પોતાની ટેલેન્ટનો પરચો બતાવી ચુકેલો હર્ષવર્ધન હવે રામ ગોપાલ વર્મા (આરજીવી)ની ફિલ્મમાં એક ધમાકેદાર રોલમાં આવી રહ્યો છે. વર્માની મૂવી 'પોલીસ કંપની'માં એને મુંબઈના એન્કાઉન્ટર સ્પેસ્યાલિસ્ટ પોલીસ ઓફિસર દયા નાયક જેવું પાત્ર ભજવવાની જવાબદારી સોંપાઈ છે. રાણેને વરસોથી ઓળખતા લોકોએ પણ કદી એવી કલ્પના નહોતી કરી કે એને આવા રોલમાં કાંસ્ટ કરાશે. પરંતુ તેલુગુ ફિલ્મોમાં ડેબ્યુ કર્યા બાદ બોલીવુડમાં પ્રવેશેલો એક્ટર એને બીબાઢાળ એક્ટિંગમાંથી બહાર આવવા મળેલી એક સોનેરી તક માને છે. 'અમે એક્ટરો સહેલાઈથી સ્ટીરિયોટાઈપ (રૂઢિબદ્ધ)બની જઈએ છીએ. હું પડદા પર રોમાંસ, કોમેડી અને બીજુ ઘણું કરી શકું છું. હવે મને દયા નાયક બનાવવાની તક મળ છે. કોઈએ વિચાર્યું નહિ હોય કે હું રામ ગોપાલ વર્માની ફિલ્મમાં આવું પાત્ર ભજવીશ,' એવું અભિનેતા સમાપનમાં કહે છે.

બહુ ઓછા લોકો જાણે છે કે હર્ષવર્ધનનો જન્મ અને ઉછેર આન્ધ્ર પ્રદેશમાં થયો છે. રાણે પોતાની માતૃભાષા મરાઠી જેટલી જ ફ્લુઅન્ટલી તેલુગુ બોલી શકે છે. એ ઉપરાંત એક્ટરનો હિન્દી અને અંગ્રેજી ઉપર પણ સારો કાબુ છે.

# રજનીકાંતના હૃદયનો કટકો ભૂતકાળ બની જશે?



અત્યાર સુધી આપણે દક્ષિણ ભારતના સુપરસ્ટાર રજનીકાંતની ફિલ્મો વિશે ઘણું લખ્યું વાંચ્યું છે. પરંતુ આ લેખમાં આપણે તેના રાઘવેન્દ્ર મંડપમ્ વિશે વાત કરીશું. કહેવા માટે તો તે એક લગ્ન સ્થળ છે. પરંતુ રજનીકાંતને આ સ્થળ સાથે ભાવનાત્મક સંબંધ છે. વર્ષો પહેલાં અભિનેતએ રાઘવેન્દ્ર મંડપમ્ બનાવ્યું ત્યાર બાદ રજનીકાંત પોતાના ચાહકો સાથે અહીં મીટિંગ કરતો. એટલું જ નહીં, અહીંથી આ ભલા માણસે કંઈ કેટલાય લોકોને ચૂપચાપ આર્થિક સહાય પણ કરી છે. રજનીકાંત તેના પુત્રને પણ અવારનવાર રાઘવેન્દ્ર મંડપમ્‌ની મુલાકાત લેવાનું કહે છે.

જોકે હવે કોડમ્બક્કમ સ્થિત રાઘવેન્દ્ર મંડપમ્ ભૂતકાળ બની જાય એવા સમાચાર આવ્યાં છે. તાજેતરમાં એવા સમાચાર આવ્યા કે રજનીકાંતના આ આઈકોનિક સ્થળને તોડી પાડીને તેના સ્થાને થ્રી-સ્ટાર હોટલ બનાવવામાં આવશે.

વાસ્તવમાં રજનીકાંતે 'રાઘવેન્દ્ર પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ' બનાવ્યું હતું અને પોતાના વસિયતનામામાં તેના વિશે એમ લખ્યું હતું કે મારા મૃત્યુ પછી રાઘવેન્દ્ર મંડપમ્‌ની સંપૂર્ણ પ્રોપર્ટી 'રાઘવેન્દ્ર પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ'ને જશે. રજનીકાંતે એવું વચન પણ આપ્યું હતું કે તામિલનાડુના જે લોકોએ મને બનાવ્યો તેમને જ રાઘવેન્દ્ર મંડપમ્‌નો એક એક રૂપિયો જશે. તેમાંથી મારા પરિવારને રાતી પાઈ પઈ નહીં મળે. આ રીતે તે તામિલનાડુના લોકોનું કરજ ચૂકવવા માગે છે. જે લોકોએ તેની કારકિર્દી બનાવવામાં પોતાના પરસેવાની કમાણી રેડી હતી તેમને અભિનેતા તેનું વળતર ચૂકવવા ઈચ્છે છે અને હવે જ્યારે આ સ્થળને તોડી પાડીને ત્યાં થ્રી- સ્ટાર હોટલ બનાવવાની વાતો વહેતી થઈ છે ત્યારે તામિલનાડુના લોકોમાં સતત તેના વિશે ચર્ચાઓ થઈ રહી છે. દરમિયાન રજનીકાંતનો એક વીડિયો પણ ફરીથી ચર્ચાનું કેન્દ્ર બન્યો છે જેમાં તેણે આ પ્રોપર્ટી વિશે વાત કરી હતી. સુપરસ્ટારે આ વીડિયોમાં જ સવા એકરમાં ફેલાયેલા આ પ્રોપર્ટીમાંથી થનારી સઘળી આવક 'રાઘવેન્દ્ર પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ'ને જશે એમ કહ્યું હતું.

સુપરસ્ટારે પોતાના પ્રશંસકોની કદર કરતાં કહ્યું હતું કે જે સમયમાં ફિલ્મોની ટિકિટ સોંઘી હતી તે વખતે પણ તેના ચાહકો શી રીતે તેની ફિલ્મની ટિકિટ ખરીદવા પોતાની પરસેવાની કમાણી ખર્ચતા. વર્ષો સુધી દર્શકોએ તેને જે પ્રેમ આપ્યો તેને કારણે જ તેની કારકિર્દીએ નવા નવા શિખરો સર કર્યાં છે. જોકે સુપરસ્ટાર એમ કહેવાનું પણ નહોતા ચૂક્યા કે હાલના તબક્કે તેમણે પોતાના વસિયતનામામાં રાઘવેન્દ્ર મંડપમ્ વિશે જે લખ્યું છે તેમાં તેઓ ગમે ત્યારે ફેરફાર પણ કરી શકે છે. પરંતુ તેમણે તામિલનાડુના લોકોને જ વચન આપ્યું છે તેમાં કોઈ ફરક નહીં પડે. અભિનેતાએ ઉમેર્યું હતું કે જ્યારે આપણે કાંઈક સારું કરવાનો વિચાર કરીએ ત્યારે તેનો ત્વરિત અમલ કરવો જોઈએ.

**કોડમ્બક્કમ સ્થિત રાઘવેન્દ્ર મંડપમ્ અતીત બની જાય એવા સમાચાર આવ્યા છે. રજનીકાંતના આ આઈકોનિક સ્થળને તોડી પાડીને તેના સ્થાને થ્રી-સ્ટાર હોટલ બનાવવામાં આવશે.**

રજનીકાંતે એ વાતનો ઉલ્લેખ પણ કર્યો હતો કે તેમણે તેમનું વસિયતનામું અને પ્રોપર્ટી દસ્તાવેજો તેમના સાળા વરદાચાર્યને સોંપવાથી પહેલાં પોતાની પત્ની લતા અને પરિવારજનો સમક્ષ તેની ચર્ચા વિચારણા પણ કરી હતી.

જોકે હજી સુધી એ સ્પષ્ટ નથી થયું કે ૧૯૮૯માં શરૂ કરવામાં આવેલું રજનીકાંતનું અતિપ્રિય સ્થળ રાઘવેન્દ્ર મંડપમ્ તોડી પાડયા પછી તેના સમગ્ર સવા એકરના વિસ્તારમાં થ્રી- સ્ટાર હોટલ બનાવવામાં આવશે કે પછી તેના અમુક હિસ્સામાં આ ડેવલપમેન્ટ હાથ ધરવામાં આવશે. માત્ર તામિલનાડુના લોકોના જ નહીં, રજનીકાંતના વિશ્વભરમાં રહેલા પ્રશંસકોના મનમાં તેના વિશે અનેક તર્ક વિતર્ક ચાલી રહ્યાં છે અને આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી આ બાબતે કોઈ ખુલાસો નથી થયો અને તેના વિશે ઝટ કોઈ સ્પષ્ટતા આવે એવું લાગી પણ નથી રહ્યું. બહેતર છે કે 'થોભો અને રાહ જૂઓ'ની નીતિ અપનાવવામાં આવે.

# મોહરી ઉઠી છે માનસી પારેખની મહેચ્છાઓ



નાજુક-નમણો ચહેરો, વાંકડિયા વાળ, એકવડો બાંધો અને મોહક સ્મિત એટલે ગાયિકા-અભિનેત્રી-નિર્માત્રી માનસી પારેખ શાસ્ત્રીય સંગીતમાં તાલીમ લઈને ગાયિકા તરીકે કારકિર્દીનો આરંભ કરનાર માનસીની ભીતર ધરબાયેલું અન્ય કૌવત પણ ધીમે ધીમે પ્રગટ થવા લાગ્યું. અને હવે તે નાના-મોટા પડદા પરથી લોકોને રડાવે-હસાવે છે અને હસાવવાની વાત ચાલી રહી છે તો અહીં એ વાતનો ઉલ્લેખ કરવો જ રહ્યો કે તાજેતરમાં જ તેની વેબ સીરિઝ 'ચુંબક' નવા આઠ એપિસોડ સાથે રજૂ થઈ. દર્શકોને હાસ્યના મોજાં પર ઉછળ-કૂદ કરાવતી આ સીરિઝનો સૌથી પહેલો ભાગ આ વર્ષના સપ્ટેમ્બર મહિનામાં રજૂ થયો ત્યારે માનસીનો અંદાજ દર્શકોને સાનંદાશ્ચર્ય આપી ગયો હતો.

જોકે અહીં એવો પ્રશ્ન થવો સહજ છે કે માનસી એક અભિનેત્રી છે, તો આ સીરિઝમાં તેણે એવું અનોકું શું કર્યું કે દર્શકો અચંબામાં પડી જાય. આ વાતનો જવાબ બે ને બે ચાર જેવો સરળ છે. વર્ષ ૨૦૨૪માં માનસીને 'કચ્છ એક્સપ્રેસ' માટે રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો. સામાન્ય રીતે નેશનલ ઍવોર્ડના હકદાર બનેલા કલાકારો પાસેથી ધીરંગંભીર રોલની અપેક્ષા રાખવામાં આવતી હોય છે. પરંતુ આ વેબ સીરિઝમાં અદાકારાએ રમૂજ વિખેરી હોવાથી દર્શકો નવાઈ પામ્યા હતા. પરંતુ માનસી આ કિરદાર અદા કરવા વિશે કહે છે કે જ્યારે આ શોના દિગ્દર્શક આતિશ કાપડિયા અને નિર્માતા જમનાદાસ મજીઠિયાએ મારી સમક્ષ મારા પાત્રનું વર્ણન કર્યું ત્યારે મને એમ થયું કે અત્યાર સુધી મેં ક્યારેય આવી ભૂમિકા નથી ભજવી. તો મારે ચોક્કસપણે આ તક ઝડપી લેવી જોઈએ. વળી લોકોને હસાવવાનું કામ રડાવવા કરતાં વધુ અઘરું છે. અને મેં 'પ્રિયંકા'ને પડદા પર ઉતારવાનો પડકાર ઝીલી લીધો. અદાકારા આ સીરિઝના સર્જક આતિશ કાપડિયા વિશે કહે છે કે તેમની લેખની હમેશાં આધુનિક સમયને ધ્યાનમાં લઈને ચાલે છે. આ સીરિઝમાં બતાવવામાં આવેલા મારા સંતાનોની બુદ્ધિમત્તા અને સ્વતંત્ર મિજાજ તેનો સૌથી મોટો પુરાવો છે. સૌથી મહત્વની વાત એ છે કે તેમને તેમની ઈમાનદારીના દુષ્પરિણામોની પણ ચિંતા નથી. આજની પેઢીમાં આપણને આ સઘળા ગુણો જોવા મળે છે. અલબત્ત, સોશ્યલ મીડિયાના સમયમાં બાળકોને અભ્યાસનું મહત્વ સમજાવવું લોઢાના ચણા ચાવવા જેવું કઠિન છે. શોમાં આ વિષયને રમૂજ રમૂજમાં આવરી લેવામાં આવ્યો છે.

**'આતિશ કાપડિયા અને જમનાદાસ મજીઠિયાએ મને 'ચુંબક' શોની ઓફર આપી ત્યારે મને એમ થયું કે અત્યાર સુધી મેં ક્યારેય આવી ભૂમિકા ભજવી નથી, તો મારે ચોક્કસપણે આ તક ઝડપી લેવી જોઈએ.'**

માનસી પારેખનો ગુજરાતી ફિલ્મો પ્રત્યેનો લગાવ જગજાહેર છે. માતૃભાષા પ્રત્યેના પ્રેમને પગલે તે અને તેનો ગાયક પતિ પાર્થિવ ગોહિલ પોતાના નિર્માણગૃહમાં માત્ર ગુજરાતી ફિલ્મો બનાવતા આવ્યાં છે. માનસી કહે છે કે ગુજરાતી ફિલમોદ્યોગમાં ટેલેન્ટેડ લોકોને આગળ લાવવાનો ભરપૂર અવકાશ છે. અમે સાત વર્ષ પહેલા નિર્માણગૃહ શરૂ કર્યું ત્યાર બાદ છ ફિલ્મો બનાવી લીધી છે. અમે માનીએ છીએ કે દર્શકોને હવે ભાષાના સીમાડા નથી નડતાં તેમને સારી સારી કહાણીઓમાં રસ છે. અમે વધુને વધુ ગુજરાતી ફિલ્મો બનાવીને તેને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવા માગીએ છીએ.

મહત્વની વાત એ છે કે પારેખ યુગલ અહીં જ અટકવા નથી માગતું. માનસી કહે છે કે અમે અંગ્રેજીમાં આંતરરાષ્ટ્રીય સિનેમા પણ બનાવવા માગીએ છીએ. અમે વેનિસ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં તેની જાહેરાત પણ કરી હતી જેથી અમારી વાત દૂર દૂર સુધી પહોંચે. હાલના તબક્કે અમે અંગ્રેજીમાં કેટલીક અતુલ્ય સ્ક્રીપ્ટ પર કામ કરી રહ્યાં છીએ. અમે દ્રઢપણે માનીએ છીએ કે અંગ્રેજી તેમ જ અન્ય ભાષાની ફિલ્મો બનાવવા માટે હમણાં ખરો સમય છે.

માનસી પારેખની વાત ચાલી રહી છે ત્યારે થોડા સમય પહેલા નેપાળમાં આવેલા વિનાશક પૂરને અચૂક સંભારવા રહ્યાં. કહેવાનો અર્થ એ છે કે આ કાળજુ કંપાવી દેનાર સમય દરમિયાન માનસી મોતને હાથતાળી આપીને સ્વદેશ પરત ફરી હતી. અભિનેત્રી કહે છે કે કૈલાસ-માનસરોવર યાત્રા પછી નેપાળમાં આવેલા વિનાશકારી પૂરમાં હું પણ ફસાઈ ગઈ હતી. તે વખતે મેં રીતસર મોતનું મોઢું જોયું હતું. ખરૂં કહું તો આ ભયાનક અનુભવે મારો જીવન પ્રત્યેનો દ્રષ્ટિકોણ અને અભિગમ સમગ્રપણે બદલી નાખ્યો છે.

# રાધિકા આપ્ટે જણાવે છે ચાળીસીનો જાદુ



સામાન્ય રીતે ચાળીસી વટાવી ગયેલી મહિલાઓ એમ માનવા લાગે છે કે તેમની પ્રૌઢવસ્થાનો આરંભ થઈ ચૂક્યો છે, ત્યારે અભિનેત્રી રાધિકા આપ્ટે આયખાના આ તબક્કાને દરેક રીતે સર્વશ્રેષ્ઠ માને છે. ચાહે તે કામેચ્છા હોય, સમજદારી-પરિપકવતા હોય કે પછી અન્ય કોઈ અભિવ્યક્તિ. ૩૯ વર્ષની ઉંમરે પુત્રીને જન્મ આપનાર ૪૧ વર્ષીય અભિનેત્રી વધતી જતી વયને બન્ને બાહુઓ ફેલાવીને આવકારે છે. તાજેતરમાં સોશ્યલ મીડિયા પર કેટરીના કેફના પ્રસૂતિ પછી વધી ગયેલા વજનની ઠેકડી ઊડાડવામાં આવી અને પરિણીતી ચોપરાએ આવા ટ્રોલિંગને વખોડી કાઢ્યો ત્યારે રાધિકા પણ ચૂપ ન રહી શકી.

**'કામેચ્છાને ઉંમર સાથે ઝાઝી લેવાદેવા નથી, પરંતુ આપણે ત્યાં આ વાત કોઈને સમજાતી નથી. કામેચ્છા અનુભવવી પણ આપણા સમાજમાં મોટો ગુનો ગણાય છે. માત્ર મહિલાઓ જ નહીં, પુરુષો સુદ્ધાં તેને માટે અપરાધભાવ અનુભવે એવો માહોલ જોવા મળે છે.'**

અદાકારાએ કહ્યું હતું કે તમે ૨૦ વર્ષના હો ત્યારે તમારા માતા-પિતાની ઉપરવટ જઈને તેઓ તમને જે કરવાની ના પાડે તે બધું જ કરો. ૩૦ વર્ષે તમને એ વાતની અનુભૂતિ થાય કે તે વખતે તમારા માબાપે તમને ચોક્કસ બાબતોમાં વાર્યા હતા તે સાચું હતું. તમને તેમની વાત ન માનવાનો વસવસો પણ થાય, પરંતુ ૪૦ વર્ષે તમે તમારું પોતાનું સ્થાન નિશ્ચિત કરવા મથો. આ સમય સમજદારી, કામેચ્છા અને પોતાની જરૂરિયાતો ઓળખવાનો અને તેને પૂરી કરવાનો શ્રેષ્ઠ તબક્કો ગણાય. તે પોતાનું ઉદાહરમ આપતાં કહે છે કે ૪૦ વર્ષ વટાવ્યા પછી હું એકદમ સ્વસ્થ-મસ્ત અને યુવાન હોવાનું અનુભવું છું. ખાસ કરીને જ્યારે તમે સગર્ભા હો ત્યારે અને શિશુને જન્મ આપો ત્યાર બાદ તમારા શરીરમાં પુષ્કળ પરિવર્તન આવે. તમે તમારા શરીરને અને શારીરિક જરૂરિયાતોને ખરા અર્થમાં ઓળખતાં થાઓ. જીવનનો આનાથી વધારે સરસ તબક્કો બીજો કયો હોઈ શકે? જે લોકો આ વયમાં પોતાના મનની વાત, લોકોના કે સમાજના ડરથી વ્યક્ત નથી કરી શકતા તે ભોળાભટાક (ખરેખર તો મૂર્ખ) કહેવાય. 'લોકો શું કહેશે?'ની ચિંતામાં તેઓ આ જાદુઈ ઉંમરનો આનંદ લેવાનું ચૂકી જાય છે.

થોડા સમય પહેલાં જ 'લસ્ટ સ્ટોરી-૩'માં જોવા મળેલી અદાકારા વધુમાં કહે છે કે કામેચ્છાને ઉંમર સાથે ઝાઝી લેવાદેવા નથી, પરંતુ આપણે ત્યાં આ વાત કોઈને સમજાતી નથી. કામેચ્છા અનુભવવી પણ આપણા સમાજમાં મોટો ગુનો ગણાય છે. માત્ર મહિલાઓ જ નહીં, પુરુષો સુદ્ધાં તેને માટે અપરાધભાવ અનુભવે એવો માહોલ જોવા મળે છે. અભિનેત્રી એક પુસ્તકના લેખકનું ઉદાહરણ આપતાં કહે છે, તેમણે લખ્યું હતું કે તેઓ બાલ્યાવસ્થામાં માસ્ટરબેટ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતાં ત્યારે તેમના પિતા તેમની આ ક્રિયા જોઈ ગયા હતા. તે વખતે તેમને ખૂબ વઢ પડી હતી અને લજ્જાનો અનુભવ કરાવવામાં આવ્યો હતો. આ ગ્રંથિથી તેઓ આજીવન પીડાયા. અદાકારા ઉમેરે છે કે હું મારી પુત્રી સાથે આવું ક્યારેય નહીં કરું. જો તેને કામેચ્છા જાગશે તો હું મારી વહાલસોઈને એ બાબતે લજ્જાનો અનુભવ નહીં કરાવું.

# નાના પાટેકર : પોસ્ટર પેઈન્ટિંગથી ક્રાંતિવીર, મજનુભાઈ સુધીની સફર

**ફિલ્મોના પોસ્ટર પેઈન્ટ કરનારો એ છોકરો આખરે ફિલ્મોમાં ચમક્યો. માત્ર ચમક્યો નહીં, સિંહની જેમ ગર્જ્યો. અલબત્ત, સફર આસાન નહોતી. નાના પાટેકરે પૂરવાર કર્યું કે જે માણસ નિરંતર પોતાની ઉપર કામ કરે છે, તેને હરાવવો અસંભવ છે.**




દરેક માણસની યાત્રા નિશ્ચિત હોય છે. કોઈ યાત્રાના સન્માનીય પડાવ પર છે તો કોઈ હજારો માઈલ આગળ તો કોઈએ તો માંડ યાત્રા શરૂ કરી છે. દરેકની યાત્રા સમાન ન હોય. દરેકનો રસ્તો અલગ. દરેકની મંજિલ અલગ. કોઈ એક મુકામે મળે અને પછી ક્યારેય નહીં. અને કોઈને તો જન્મોજન્મનો સાથ છે. તેમ છતાં યાત્રામાં દરેક માણસ એકલો જ. યાત્રા ક્યારેય થકાવનારી ન હોય. પણ, યાત્રામાં વચ્ચે વચ્ચે સાંભળેલા શબ્દો, સન્માનની જગ્યાએ મળેલું અપમાન માણસને થકવી નાખે.

એક ૧૩ વર્ષનો બાળક છે. સ્કૂલથી છૂટ્યા પછી મૂવીઝના પોસ્ટર પેઈન્ટ કરવાનું કામ કરે છે. આ માટે મહિને તેને રૂ. ૩૫નો પગાર મળે. તેની સાથે એક ટંકનું ભોજન પણ મળી જાય. આ બાળક તમને રસ્તામાં મળે તો તમે શું વિચારો? વિચારો કે તેની દયા ખાવ? કે પછી તેને એક વડાપાઉં-દાબેલી ખવડાવવો? કે પછી, બિઝનેસમેન બનો? તને ત્યાં ૩૫ આપે છે ને, હું તને ૫૦ આપીશ, બોલ..? કોઈને ખવડાવવું સારું. પણ, મેં ખવડાવ્યું નો અહમ ન આવવો જોઈએ. યાદ રાખવું કે, બેંકમાં પાંચ હજાર કરોડનું બેલેન્સ હોય તેને પણ ભગવાન ખવડાવે છે અને જેના ખીસ્સામાં પાંચિયું પણ નથી તેને પણ ભગવાન જ. બિઝનેસમેન બનવું હોય તો ત્યારે બનવું જ્યારે, તેના માટે કોઈ સારી યોજના હોય. બાકી, દરેક માટે ભગવાને નિત્ય માર્ગ નક્કી કર્યો જ છે. કંઈક કરવું જ હોય તો સામે મળેલા ફકીરમાં ફકીર વ્યક્તિ સાથે પણ સન્માનથી વાત કરવી. તોછડાઈ ન કરવી. ઉદ્ધતાઈ તેની સ્થિતિ કરતાં આપણી માનસિક પાયમાલીને છતી કરે છે.

નાના પાટેકરનો જ કેસ લઈ લો. ૧૩ વર્ષના હતા ત્યારે પરિવારની આર્થિક સ્થિતિ ખરાબ હતી. માંડ પોસ્ટર પેઈન્ટ કરવાનું કામ મળ્યું. એને ખૂબ મહેનતથી કર્યું. એવી મહેનત કરી કે, ફિલ્મોના પોસ્ટર પેઈન્ટ કરનારો છોકરો ક્યારે ફિલ્મોમાં ચમકવા લાગ્યો ખબર જ ન પડી. નાના ચમક્યા નહીં, સિંહની જેમ ગર્જ્યા. પણ, સફર આસાન નહોતી. મંજિલ સુધી પહોંચતા અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. એવી વાતો સાંભળવી પડી જેને યોગ્ય ન કહી શકાય. નાનાએ હંમેશા તેનો જવાબ પોતાની શાનદાર એક્ટિંગથી આપ્યો.

### નાનાના શ્વાસમાં થિયેટર

વિશ્વનાથ પાટેકર ઉર્ફે નાનાનો જન્મ નાટક-થિયેટરના વાતાવરણમાં થયો હતો. પિતાને નાટકો ખૂબ ગમતા. એટલે નાનાને નાટકો જોવા લઈ જતા. તેની અસર સ્કૂલમાં જોવા મળી. નાનાએ સ્કૂલમાં રંગમંચને પોતાનો સુખ-દુઃખનો સાથી બનાવી લીધો. મુંબઈની સર જે. જે. ઈન્સ્ટિટ્યુટ ઓફ અપ્લાઈડ આર્ટસમાંથી ડિગ્રી મેળવી. પણ, થિયેટર તો શ્વાસમાં સમાઈ ગયું હતું. થિયેટરે જ નાનાને ઉછેર્યા હતા, તેવું કહેવામાં અતિશયોક્તિ નથી. નાના થિયેટરમાં જ ઘડાયા અને આ ઘડાવવાનો શ્રેય તેમણે પહેલા નાટકના ડિરેક્ટર વિજયા મહેતાને આપ્યો હતો.

### હાંસિયામાંથી મેઈનસ્ટ્રીમ સુધીની સફર

નાનાની ફિલ્મોગ્રાફીની શરૂઆત ૧૯૭૮માં મુઝફ્ફર અલીની ફિલ્મ 'ગમન'થી થઈ. ફારુખ શેખ અને સ્મિતા પાટીલ સાથેની ફિલ્મમાં નાના ખોવાયેલા ખોવાયેલા જોવા મળ્યા હતા. આ ભૂલી જવાય એવા રોલ બાદ નાનાને 'અંકુશ' ફિલ્મે જરૂરી બ્રેક અને ઓળખ આપી. ૧૯૮૬માં આવેલી એન. ચંદ્રાની આ ફિલ્મમાં નાનાનો ગુસ્સો એક ભાષા બને છે. ત્યારબાદ, આવી મીરા નાયરની 'સલામ બોમ્બે'. ૧૯૮૮માં આવેલી આ ફિલ્મ ઓસ્કાર માટે નોમિનેટ થઈ. અને નાનાને જોઈતી પબ્લિસિટી મળી.

૧૯૮૯માં આવેલી 'પરિંદા' તેમની કારકિર્દીનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ. એ સમય જ્યારે, મુંબઈમાં અંડરવર્લ્ડ ધમધમતું હતું, ત્યારે, અન્ના તરીકેની તેમની વિલનગીરી યાદગાર રહી. 'પરિંદા' માટે નાના પાટેકરને બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો નેશનલ એવોર્ડ મળ્યો. આ સાથે જ તેમણે બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો ફિલ્મફેર પણ જીત્યો. આ રોલમાં તેમની અલગ શૈલી જોવા મળી. જેને વિસ્ફોટક શાંતિ પણ કહી શકાય. એવી શાંતિ કે જે એકદમ જ જ્વાળામુખીની જેમ ફાટે.

'પરિંદા' પછી તેમની 'પ્રહાર : ધ ફાઈનલ એટેક' આવી. નાના ૧૯૯૧માં આવેલી મિલિટરી ડ્રામાના ડિરેક્ટર પણ હતા. ફિલ્મમાં તેઓ મેજર પ્રતાપ ચૌહાણની ભૂમિકામાં જોવા મળે છે. ફિલ્મના રાઈટિંગમાં પણ તેમણે યોગદાન આપ્યું હતું. ૧૯૯૨માં આવેલી 'અંગાર'માં તેઓ ફરી પાછા વિલનગીરી તરફ વળ્યા. આ ફિલ્મ માટે તેમને બેસ્ટ વિલનનો ફિલ્મફેર મળ્યો. આ બધી ફિલ્મો સારી હતી. પરંતુ, હજી સુધી તેઓ મેઈનસ્ટ્રીમમાં નહોતા પહોંચ્યા. ૧૯૯૩માં આવેલી 'તિરંગા'માં ઈન્સ્પેક્ટર શિવાજીરાવ વાગલેના રોલથી મેઈનસ્ટ્રીમમાં એન્ટ્રી થઈ.

### 'ક્રાંતિવીર' સાથે ચડતી કલા

૧૯૯૪માં આવેલી ફિલ્મ 'ક્રાંતિવીર' અને તેમાં પણ તેના ક્લાઈમેક્સના દર્શકો દીવાના થયા. એટલી હદે કે, ઘણાએ ફિલ્મ અગણિત વખત જોઈ. કલમવાલી બાઈના રોલમાં ડિમ્પલ કાપડિયા સાથે તેમની કેમેસ્ટ્રી, જનતાના પ્રશ્નોને સહજતાથી ઉઠાવવાની સ્ટાઈલ નાનાની ઓળખને અલગ લેવલ પર લઈ ગઈ. આ ફિલ્મ માટે તેમને બેસ્ટ એક્ટરનો નેશનલ એવોર્ડ મળ્યો. કોઈ અન્ય અભિનેતા હોય તો આ પ્રકારની વધુ ફિલ્મો કરે પણ નાના અલગ.

તેઓ ૧૯૯૬માં હિંસક પતિના રોલમાં ફિલ્મ 'અગ્નિસાક્ષી'માં જોવા મળ્યા. આ ફિલ્મ માટે તેમને બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો નેશનલ ફિલ્મ એવોર્ડ મળ્યો. એ જ વર્ષે 'ખામોશી : ધ મ્યુઝિકલ'માં તેઓ અલગ સૂરમાં જોવા મળ્યા. સંજય લીલા ભણસાલીની આ ફિલ્મ માટે જાણે તેમણે પોતાને એક ચેલેન્જ આપી હતી. નાના પાટેકર વિશે બધાને ખ્યાલ કે, તેઓ પોતાના દમદાર અવાજથી જાણીતા છે. ડાયલોગબાજીથી જાણીતા છે. તેમણે 'ખામોશી'માં દિવ્યાંગ પિતાનો રોલ કર્યો. જેણે ફક્ત મૌનથી સંવાદ કરવાનો હતો. આ વિરોધાભાસ નાનાને અલગ શ્રેણીમાં લઈ ગયો.

૧૯૯૦ના દાયકામાં તેઓ 'ગુલામ-એ-મુસ્તફા', 'વજૂદ', અને 'યશવંત' જેવી ફિલ્મોમાં જોવા મળ્યા. યશવંતનો ડાયલોગ, 'એક મચ્છર આદમી કો...'યાદગાર રહ્યો. એવું નહોતું કે, આ ડાયલોગ જ દર્શકોને પસંદ આવ્યો. તેમની દમદાર એક્ટિંગને દર્શકોએ ડાયલોગ સાથે યાદ રાખી હતી.



### ૨૦૦૦ના દાયકામાં નવી શરૂઆત

નાના ૨૦૦૪માં 'અબ તક છપ્પન'માં જોવા મળ્યા. મુંબઈના એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ સાધુ અગાશેના રોલ બાદ દર્શકોને લાગ્યું કે, નાના આ પ્રકારની વધુ ફિલ્મો કરશે. ત્યાં જ ૨૦૦૭માં 'વેલકમ' આવી. નાનાએ ઉદય શેટ્ટી તરીકે તરખાટ મચાવ્યો. કોમિક ટાઈમિંગવાળો ગેંગસ્ટર દર્શકોને ખૂબ પસંદ આવ્યો. આજની તારીખમાં 'કંટ્રોલ...ઉદય કંટ્રોલ..'ના મીમ્સ સોશિયલ મીડિયા સાઈટ્સ પર હિટ છે. તેમની અદ્ભૂત કોમિક ટાઈમિંગ પાછળ થિયેટરનું બેકગ્રાઉન્ડ જ હતું. દર્શકો નાનાની બીજી કોમેડી ફિલ્મની રાહ જોઈ રહ્યા હતા અને નાના સીધા 'રાજનીતિ'માં આવી ગયા. ના..પ્રકાશ ઝાની ફિલ્મ 'રાજનીતિ'ની વાત છે. તેમનો પોલિટિકલ સ્ટ્રેટર્જીસ્ટ તરીકેનો રોલ યાદગાર રહ્યો.

રંગમંચમાં એવું શું છે કે, કોઈનાથી છૂટે જ નહીં. તમે માર્ક કરજો. કોઈપણ કલાકાર થિયેટરથી આગળ આવ્યો હશે, તેનાથી બધું જ છૂટશે, થિયેટર નહીં. નાનાને પણ એવું જ. તેઓ ૨૦૧૬માં નાટક પરથી બનેલી ફિલ્મ 'નટસમ્રાટ'માં જોવા મળ્યા. વી. વી. શિરવાડકરના પ્રખ્યાત નાટક પરથી બનેલી ફિલ્મને મહેશ માંજરેકરે ડિરેક્ટ કરી હતી. આ ફિલ્મ માટે નાનાને ફિલ્મફેર(મરાઠી) મળ્યો હતો.

### સરનામા સાથેનો ગુસ્સો

ગુસ્સો એટલે માણસની કમજોરી. પરંતુ, તેની પર કામ કરવામાં આવે તો? તેને યોગ્ય દિશામાં વાળવામાં આવે તો? એરિસ્ટોટલે કહ્યું હતું કે, કોઈપણ માણસ ગુસ્સે થઈ શકે. પરંતુ, સાચી વ્યક્તિ પર, યોગ્ય માત્રામાં, યોગ્ય સમયે, યોગ્ય હેતુ માટે અને યોગ્ય રીતે ગુસ્સે થનાર માણસ દુર્લભ છે. નાના પાટેકર પાસે પર્સનલી આ કળા હતી કે, નહીં તે કહેવું મુશ્કેલ છે. પરંતુ, તેમણે પોતાના ગુસ્સાને એક્ટિંગના અદભૂત રંગમાં ઢાળ્યો છે, તે આપણા સૌની નજરની સમક્ષ છે. તેમણે ભજવેલા રોલની વાત કરીએ તો, 'અંકુશ'માં તેમનો ગુસ્સો લાચારીના રૂપમાં જોવા મળે. 'પરિંદા'માં અન્નાના મૌનમાં, 'ક્રાંતિવીર'માં પ્રતાપ તિલકની સહનશક્તિની હદમાં અને 'અબ તક છપ્પન'માં એક પ્રકારના થાકમાં. આ તમામ રોલમાં તેમણે પોતાના ગુસ્સાને યોગ્ય દિશા આપી. કદાચ, એટલે જ દર્શકોને નાના ખૂબ પસંદ આવ્યા. તેમણે ગુસ્સાને વેડફ્યો નહીં, તેને વાળ્યો. એક સમયે, જે છોકરાએ અન્ય પાત્રોને દીવાલો પર પેઈન્ટ કર્યા હતા, તે જ છોકરાએ અનેક પાત્રોને પોતાના અંદાજમાં રજૂ કર્યા. એક સમયે જે છોકરાએ બીજાના ટોન્ટ સાંભળ્યા હતા, એ જ છોકરાએ એવા ડાયલોગ્સ બોલ્યા જે અમર થયા. એક સમયે જે છોકરાને એક ટંક ખાવા માટે કામ કરવું પડતું હતું, એ જ છોકરાએ અનેકને મદદ કરી. એક સમયે જે છોકરા પાસે માન-સન્માન નહોતું, એ જ છોકરાને પદ્મશ્રી એવોર્ડ મળ્યો. એ જ છોકરાએ નેશનલ એવોર્ડ્સ જીત્યાં. એટલે, યાદ રાખવું જે માણસ નિરંતર પોતાની ઉપર કામ કરે છે, તેને હરાવવો અસંભવ છે.

# નાના ક્રાંતિવીર પાટેકરને શ્રદ્ધાંજલિ







નાના પાટેકરનો અભિનયની સાથેસાથે દેશની રક્ષામાં પણ મહત્વનો ફાળો રહ્યો

◆ નાના પાટેકરનું નામ કાને પડતાં જ તેની યશવંત ફિલ્મનો એક મચ્છર સાલા આદમી કો હિઝડા બના દેતા હૈ યાદ આવી જતું હોય છે. આ ડાયલોગ લોકો ઘણી વાર જાહેરમાં પણ બોલતા સંભળાયા છે.

◆પીઢ અભિનેતા નાના પાટેકરનું ૭૫ વરસની વયે ગોવામાના ઘરમાં કાર્ડિએક એટેકને કારણે અચાનક નિધન થયું હતું. તેમને તરત જ ગોવાની હોસ્પિટમાં લઇ જવામાં આવ્યા હતા અને ૪૫ મિનીટ સુધી સીપીઆર આપ્યા પછી પણ તેમને બચાવી શકાયા નહીં.

◆નાના પાટેકરના પુત્ર મલ્હાર પાટેકરે પિતાના અંતિમ સંસ્કાર પુણેમાં કરવાનું જણાવ્યું હતું. મહારાષ્ટ્ર સરકારને તેની અંતિમક્રિયા રાજકીય સમ્માનથી કરવામાં આવવાની ઘોષણા કરી હતી.

◆પીઢ અભિનેતાનો જન્મ ૧ જાન્યુઆરી, ૧૯૫૧ના રોજ મુરુડ-ઝંઝીરામાં થયો હતો. તેનું જન્મનું નામ વિશ્વનાથ પાટેકર હતું .નાના પાટેકરની માતા નિર્મલાબાઈની એક સહેલી હતી. જે બાળપણમાં તેને પ્રેમથી નાના-નાના કહીને સંભોધતી હતી. આ નામ દરેકની જીભે અને કોઠે ચડી ગયું હતું. પછીથી તેમનું નામ વિશ્વનાથ ગજાનન પાટેકરથી બદલાઇને નાના પાટેકર થઇ ગયું.

◆નાના પાટેકરે પોતાના અભિનય દ્વારા દર્શકોનું મનોરંજન કરવાની સાથેસાથે દેશની સેવામાં પણ મહત્વનો ફાળો આપ્યો હતો. તેઓ ૧૯૯૦થી ૨૦૧૩ સુધી ઓનરરેરી લેફ્ટેનન્ટ કર્નલ પદ પર રહ્યા હતા. ૨૦૧૩માં તેઓ રિટાયર્ડ થયા હતા. આ દરમિયાન તેમણે ૧૯૯૯ના કારગિલ યુદ્ધમાં ભાગ લીધો હતો.

◆તેમની ફિલ્મની કારકિદી સફર હિંદિ, મરાઠી અને રંગમચ પર પાંચ દાયકાની રહી.

◆અભિનયની કારકિર્દીની શરૂઆત પહેલાં તેમણેબોલીવૂડ ફિલ્મોના પોસ્ટરને પેઈન્ટ કરીને ૩૫ રૂપિયાનું વેતન લેતા હતા. મુંબઇની જે. જે. ઇન્સ્ટીટ્યૂટ ઓફ એપ્લાઇડ આર્ટમાં તેમણે અભ્યાસ કર્યો હતો. જ્યાં તેઓ સ્કેચ બનાવતા શીખ્યા હતા. ઘણી વખત ગુનેગારોના સ્કેચ બનાવવા માટે પોલીસે તેમની મદદ પણ લીધી હતી.

◆નાના પાટેકરે ૧૯૭૮માં મરાઠી થિયેટરની કલાકાર નીલકાંતિ સાથે લગ્ન કર્યા હતા. જેના દ્વારા બે પુત્રોનો જન્મ થયો હતો. જેમાંથી એકનું બે વરસની વયે જ નિધન થયું હતું.

◆નાના પાટકેર પત્ની નીલકાંતિ સાથેના વિચારોના મતભેદને કારણે છૂટાછેડા આપ્યા વગર જ અલગ રહેતા હતા. તેઓ પોતાની અંગત લાઇફના કારણે પણ ચર્ચામાં રહ્યા છે.

◆ બોલીવૂડમાં નાના પાટેકરે ૧૯૭૮ની ગમન ફિલ્મથી ડેબ્યુ કર્યું હતું. મરાઠી ભાષાની પ્રથમ ફિલ્મ સન ૧૯૭૯ની સિંહાસન હતી.

◆નાના પાટેકરને સફળતા વિધુ વિનોદ ચોપરાની ૧૯૮૯ની ફિલ્મ પરિંદાથી મળી હતી. જેમાં તેમણે ગેન્ગસ્ટર અન્ના શેઠની ભૂમિકા કારકિર્દી દરમિયાન અંગત સંબંધો

◆સાથે કામ કરતાં કરતાં નાના પાટેકરનું નામ અભિનેત્રી મનિષા કોઇરાલા અને આયેશા જુલ્કા સાથે જોડાયું હતું. પરંતુ તેમણે પત્ની નીલકાંતિને છૂટાછેડા આપ્યા ન હોવાથી આ સંબંધો આગળ વધી શક્યા નહોતા.■





#### નામ ફાઉન્ડેશન

◆ નાના પાટેકરે ૨૦૧૫માં એકટર મકરંદ અનાસપુરે સાથે મળીને નામ ફાઉન્ડેશન શરૂ કર્યું હતું. જેનો હેતુ મહારાષ્ટ્રમાં સુકા દુકાળથી ઝઝૂમી રહેલા કિસાન પરિવારોને રાહત, પૈસાની મદદ આપવાનું હતું. તેઓ હંમેશા પોતાના એવોર્ડની રકમ અ્ને ફિલ્મ દ્વારા મળતી કમાણી સમાજ સેવાના કામ માટે દાન કરી દેતા હતા.

#### નાગરિક સમ્માન



◆ ૨૦૧૩માં પદ્મશ્રીથી કલામાં તેના યોગદાન માટે સમ્માનિત કરવામાં આવ્યા હતા.

#### નેટવર્થ

◆ નાના પાટેકરની નેટવર્થ ૮૦ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. અભિનેતા મોટા ભાગે પોતાની ફિલ્મો માટે ૨ થી ૫ કરોડ રૂપિયા સુધી જ ચાર્જ કરતા હતા. આ ઉપરાંત જોકે તેમનો ઘણી ફિલ્મોમાં પ્રોફિટમાં પણ હિસ્સો રહ્યો છે.

◆ મુંબઇના અંધેરી એરિયામાં તેમની પાસે એક ૭૫૦ સ્કે.ફૂટ ધરાવતો બેડરૂમનો ફ્લેટ જે તેમણે ફક્ત ૧.૧ લાખ રૂપિયામાં લીધો હતો અને આજે આ ફ્લેટની કિંમત ૩ કરોડ રૂપિયા આંકવામાં આવે છે. તેઓ પોતાની માતાના મૃત્યુ સુધી આ જ ફ્લેટમાં માતા સાથે રહેતા હતા. આ પછી તેઓ એકલા રહેતા હતા. તેમનું પુણેમાં એક લો કોલેજ રોડ પર અને ગોવામાં એક ઘર હતું.

◆ ૨૭ એકરની જમીન પર પુણેમાં ખડકવાસલમાં એક ફાર્મહાઉસ હતું જ્યાં તેઓ રહીને ખેતી કરતા હતા. તે પોતાનો મોટા ભાગનો સમય એ જમીન પર ઘઉં અને ચોખાની ખેતી કરવામાં ઉપયોગમાં લેતા હતા.

#### લકઝરી કાર

◆ તેમની પાસે મહેન્દ્ર સ્કોર્પિયો જીપીજે ફોર, એક ઓડી ક્યુ સેવનઅને એક મહેનદ્ર સ્કોર્પિયો સામેલ હતી.

#### અંગત જીવન

◆ સાદું જીવન અને સાદું ભોજન લેવામાં માનતા હતા.

#### મશહૂર રોલ

◆ અંકુશ, ક્રાંતિવીર, અગ્નિ સાક્ષી, ખામોશી ઝ મ્યુઝિકલ, અબતક છપ્પન, વેલકમ, રાજનીતિ અને મશહૂર માસ્ટરપીસ નટસમ્રાટ

#### રાષ્ટ્રીય પુરસ્કાર

◆ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ત્રણ ફિલ્મો માટે મેળવ્યા

**પરિંદા, ક્રાંતિવીર અને અગ્નિ સાક્ષી**

◆ ફિલ્મોમાં તેમનો શાનદાર અભિનય, બુલંદ અવાજ અને પ્રભાવશાળી શૈલીને દર્શકો કદી ભૂલશે નહીં.તેમના આ ત્રણ ગુણને કારણે લોકોનું તેમના લુક પ્રત્યે કદી મહત્વ આપતા નહોતા.

◆ અભિનેતા અભિનયની સાથેસાથે સ્ક્રીનરાઇટર અને ફિલ્મસર્જક-ડાયરેકટર પણ રહ્યા હતા.

#### મી ટુ

◆ તનુશ્રી દત્તાએ મી ટુમાં નાના પાટેકર પર જાતીય શોષણનો આરોપ મુખ્યો હતો. જોકે તે આ આરોપોને પુરવાર કરી શકી નહોતી.

# વિજય સેતુપતિઃ હા, 'મહારાજા'ની સિક્વલ બનશે

આ નેમાના રૂપેરી પડદે ક્યારેક એવી કલાકૃતિ સર્જાતી હોય છે જે દર્શકોના મગજ પર વર્ષો સુધ રાજ કરે છે. દક્ષિણના સિને ઉદ્યોગના 'મક્કલ સેલ્વન' એટલે દર્શકોના લાડીલા અભિનેતા વિજય સેતુપતિની વર્ષ ૨૦૨૪માં રિલીઝ થયેલી બ્લોકબસ્ટર 'મહારાજા' પણ આવી જ એક અજાયબી સાબિત થઈ હતી. સામાન્ય લાગતી વાર્તામાં જ્યારે આંચકાજનક વળાંકો ઉમેરાયા ત્યારે સિનેમાઘરો તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠ્યા હતા. હવે આ કલ્ટ થ્રિલરના પ્રશંસકો માટે એક અતિ રોમાંચક અને ધમાકેદાર સમાચાર સામે આવ્યા છે. વિજય સેતુપતિએ સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે 'મહારાજા ટુ' હવે માત્ર ચર્ચા નથી પણ તેના પર પૂરજોશમાં કામ શરૂ થઈ ગયું છે.

વિજય સેતુપતિએ આ ધમાકેદાર ખુલાસો પોતાની આગમી ફિલ્મ 'બાથ્થા'ના ભવ્ય ઓડિયો લોન્ચ ઈવેન્ટ દરમ્યાન કર્યો હતો. માઈક હાથમાં લેતા જ વિજયે દિગ્દર્શક નિથિલન સ્વામીનાથનના ભરપેટ વખાણ કર્યા અને સમગ્ર ઓડિયન્સને ખુશખબર આપતા જણાવ્યું કે તેણે 'મહારાજા ટુ'ની સ્ક્રિપ્ટ સાંભળી લીધી છે. વિજયે નિથિલનને આજના સમયના સૌથી શ્રેષ્ઠ અને વિઝનરી દિગ્દર્શકો પૈકી એક તરીકે ગણાવ્યા છે. વિજયે જણાવ્યું કે નિથિલનનું લેખન અદ્ભુત છે અને તાજેતરમાં જ્યારે તેણે 'મહારાજા ટુ'ની વાર્તાનું નરેશન આપ્યું ત્યારે તે સાંભળીને તે દંગ રહી ગયો હતો. વિજયના મતે આ વાર્તા અત્યંત સુંદર, ધારદાર અને મનોરંજક બની છે. જો કે ફિલ્મ નિર્માતાઓએ હજી સુધી કાસ્ટ, શૂટિંગ શેડ્યુલ કે રિલીઝ ડેટ વિશે કોઈ સત્તાવાર જાહેરાત નથી કરી. દર્શકોમાં અત્યારથી જ ઉત્સુકતા ચરમ સીમાએ પહોંચી ગઈ છે કે અગાઉની વાર્તાના રહસ્યો પછી હવે નવી સીક્વલમાં કઈ દિશા પકડવામાં આવશે.

વર્ષ ૨૦૨૪માં જ્યારે 'મહારાજા' રિલીઝ થઈ ત્યારે બોક્સ ઓફિસ પર તોફાન મચી ગયું હતું. નિથિલન સ્વામીનાથનના દિગ્દર્શન હેઠળ બનેલી આ ક્રાઈમ થ્રિલરમાં વિજય સેતુપતિએ એક સાદા સીધા વાળંદનું પાત્ર ભજવ્યું હતું. વાર્તાની શરૂઆત અત્યંત વિચિત્ર લાગે તેવી રીતે થાય છે, જ્યાં મુખ્ય પાત્ર પોતાના ઘરમાંથી ચોરાઈ ગયેલા જૂના લોખંડના ડસ્ટબિનની ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશનના ધક્કા ખાય છે. શરૂઆતમાં આ વાત હાસ્યાસ્પદ અને સાવ વાહિયાત લાગે છે. પણ જેમ જેમ વાર્તા આગળ વધે છે તેમ તેમ દર્શકોની સામે એવા એવા સનસનાટીપૂર્ણ અને ચોંકાવનારા રહસ્યો ખુલે છે કે લોકો સ્ક્રીન પરથી નજર હટાવી નથી શકતા. આ ફિલ્મ માત્ર વિજય સેતુપતિના અભિનય પૂરતી સીમિત નહોતી. બોલીવૂડના દિગ્ગજ સર્જક અનુરાગ કશ્યપે તેમાં ભજવેલી ખતરનાક વિલનની ભૂમિકા આજે પણ દર્શકોના રૂંવાડા ઊભા કરી દે છે. ઉપરાંત મમતા મોહનદાસ, નટ્ટી સુબ્રમણ્યમ અને સાંચના નામિદાસ જેવા સક્ષમ કલાકારોએ પણ પોતાના અભિનયથી ફિલ્મને જીવંત બનાવી દીધી હતી.

થિયેટરોમાં મોટી ટંકશાળ પાડ્યા પછી જ્યારે આ ફિલ્મ ઓટીટી પ્લેટફોર્મ પર રજૂ થઈ ત્યારે સમગ્ર દેશે તેને વધાવી લીધી હતી. વિજય સેતુપતિએ તાજેતરમાં પોતાની સફળતાને યાદ કરતા જણાવ્યું કે તેને ફિલ્મની વાર્તા પર વિશ્વાસ જરૂર હતો, પણ આ ફિલ્મ આટલી ઊંચાઈઓ સર કરશે અને આખી દુનિયામાં પહોંચશે તેવી તેને કલ્પના નહોતી.



ચીનની બોક્સ ઓફિસ પર પણ આ ફિલ્મને અભૂતપૂર્વ આવકાર મળ્યો, જેનાથી તેની આંતરરાષ્ટ્રીય ખ્યાતિમાં ચાર ચાંદ લાગી ગયા. પરંતુ અસલી ટ્વિસ્ટ તો અહીં જ છે.

'મહારાજા ટુ'ની ખુશખબરી સાથે જ વૈશ્વિક સિનેમામાંથી પણ એક અત્યંત રોમાંચક અહેવાલ આવ્યા છે. 'મહારાજા'ની અભૂતપૂર્વ લોકપ્રિયતા જોઈને હવે તેનું હોલીવૂડ રિમેક બનવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

**આ ફિલ્મ માત્ર વિજય સેતુપતિના અભિનય પૂરતી સીમિત નહોતી. બોલિવુડના ફિલ્મમેકર અનુરાગ કશ્યપે તેમાં ભજવેલી ખતરનાક વિલનની ભૂમિકા આજે પણ દર્શકોના રૂંવાડા ઊભા કરી દે છે.**

ફિલ્મના નિર્માતા સુધન સુંદરમે જણાવ્યું કે ચીનમાં મળેલા જોરદાર પ્રતિસાદ પછી એક અગ્રણી હોલીવૂડ એજન્સીએ રિમેકના રાઈટ્સ માટે સીધો સંપર્ક કર્યો હતો. મળતી માહિતી અનુસાર આ હોલીવૂડ વર્ઝનને કોઈ ટોચના અમેરિકન અગ્રણી સુપરસ્ટાર સાથે મોટા પાયે બનાવવાની યોજના ચાલી રહી છે, અને સંભવતઃ આવતા વર્ષે તેનું શૂટિંગ ફ્લોરપર જઈ શકે છે. સોશિયલ મીડિયા પર એવી અફવાઓ જોર પકડી રહી છે કે ઓસ્કર વિજેતા અભિનેતા મેથ્યુ મેકકોનહે મુખ્ય ભૂમિકા ભજવી શકે છે, જો કે નિર્માતાઓ તરફથી આ બાબતે હજી સુધી કોઈ સત્તાવાર જાહેરાત નથી કરાઈ.

તો બીજી તરફ હોલીવૂડ રિમેકના સમાચારે વિજય સેતુપતિને પણ ભારે ઉત્સાહિત કરી દીધા છે. પોતાના લાક્ષણિક અંદાજ અને રમૂજી શૈલીમાં વિજયે જણાવ્યું કે તેમને આ હોલીવૂડ પ્રોજેક્ટમાં નાનકડો રોલ પણ મળે, તો તેઓ એક પણ રૂપિયો ફી લીધા વગર મફતમાં કામ કરવા તૈયાર છે. વિજયે હસતાં હસતાં કહ્યું કે જ્યારે પ્રોડ્યુસરે તેમને હોલીવૂડ રાઈટ્સ વેંચાયાની વાત કરી ત્યારે તેમણે તરત જ કહ્યું હતુંકે મને હોલીવૂડની ફિલ્મમાં એક નાનો રોલ આપી દો, હું વિના મૂલ્યે કામ કરીશ અને ફ્લાઈટ પકડીને હોલીવૂડ જવા તૈયાર છું. વિજયે એ પણ સ્વીકાર્યું કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ હોલીવૂડ સિનેમામાં કામ કરવું એ તેમનું વર્ષો જૂનુ સ્વપ્ન રહ્યું છે.

સિનેમાના ઈતિહાસમાં આવું બહુ ઓછી વાર બને છે જ્યાં એક પ્રાદેશિક ભારતીય ફિલ્મ વૈશ્વિક સ્તરે આટલી મોટી ચર્ચાનું કેન્દ્ર બને. હવે એક તરફ 'મહારાજા' ગ્લોબલ લેવલે હોલીવૂડમાં ધમાકો કરવામાટે તૈયાર છે,

તો બીજી તરફ વિજય સેતુપતિ અને નિથિલન સ્વામીનાથનની જાદુઈ જોડી 'મહારાજા ટુ' દ્વારા ફરી એકવાર દર્શકોને સિનેમાઘરોમાં જકડી રાખવા સજ્જ થઈ ગઈ છે. સીક્વલની સ્ક્રિપ્ટ વિશે વિજયના ઉત્સાહપૂર્ણ શબ્દોએ વિશ્વભરના સિને પ્રેમીઓની અપેક્ષાઓ આકાશે પહોંચાડી દીધી છે. ■

## SOCIAL સર્કલ

### આમિર ખાનઃ મસ્ત ઇનિશિયેટિવ



*__આમિર ખાને__ એક સરસ પ્રોજેક્ટ શરૂ કર્યો છે તેની તમને ખબર પડી? એમણે એક ઓપન-માઈક ઈનિશિયેટિવ લોન્ચ કર્યું છે, જેનું નામ છે, 'વન્સ અપોન અ માઈક'. દેશના ખૂણે ખૂણે છૂપાયેલી પ્રતિભાઓને પોતાની કળા પ્રદર્શિત કરવાની તક મળે તે મંચ પૂરો પાડવો તે આ ઈનિશિયેટિવનો ઉદ્દેશ છે. રૅપ મ્યુઝિક, કવિતા, મૌખિક રીતે વ્યક્ત થતા આઈડિયાઝ અને ઈમોશન્સ, પોતાના જીવનની કે અન્ય કોઈ રસાળ વાતો (સ્ટોરીટેલિંગ) તેમજ ટિપિકલ એક્ટિંગમાં ફિટ ન બેસે તેવી અભિવ્યક્તિઓને મંચ પૂરો પાડવામાં આવશે. ખરેખર મસ્ત ઈનિશિયેટિવ છે આ. તેના કેન્દ્રમાં આમિર ખાન છે એટલે આ ઈનિશિયેટિવના પરિણામ સ્વરૂપે ઉત્તમ પ્રતિભાઓ સામે આવશે એ તો નક્કી.*

### દર્શન-પ્રદર્શનઃ રિલેવન્ટ બનવાની તક





*આજકાલ આમિરના પરિવારના સભ્યો પણ ન્યુઝમાં છે. ના ના, પત્નીઓ કે સંતાનો નહીં, પણ ભાણીયો ને ભત્રીજી. હમણાં થોડા દિવસો પહેલાં દિલ્હીની સાથે સાથે મુંબઈમાં પણ પ્રોટેસ્ટ થયા હતા, જેમાં આમિરના ભાણીયો ઈમરાન ખાનની પોલિસે અટકાયત કરી. ઈમરાન આ મોકો ગુમાવે? એણે તો જાણે ક્રાંતિ કરી નાખી હોય તેવી અદામાં થમ્સ અપ કરતા ફોટા ક્લિક કરાવ્યા ને સોશિયલ મિડીયા પર શેર કર્યા. એક સમયે જેનું નામ રણબીર કપૂર સાથે એકશ્વાસમાં લેવાતું હતું તેવો ઈમરાન બાપડો હવે રિલેવન્ટ બનવા માટે ફાંફાં મારી રહ્યો છે. એક ઑર યુવતી પણ આ જ પ્રદર્શન દરમિયાન વાઈરલ થઈ. આમિરના કઝિન મન્સૂર ખાનની દીકરી. નામ છે એનું, ઝાઈન મૅરી ખાન. એણે તો કેમેરા સામે પોતાના હાથ પર, પગ પર પડેલા ઉઝરડા દેખાડ્યા ને પછી વિદ્રોહી મુખમુદ્રા ધારણ કરીને તાનાશાહ સરકાર વિરુદ્ધ ડાયલોગ પણ ફટકાર્યો. ન્યુઝમાં ચમકવા માટે જેનઝી પ્રદર્શનો હાથવગાં બની ગયાં છે. થોડા દિવસોમાં ઝાઈન નામક આ લેટેસ્ટ નેપોકિડ ફિલ્મોમાં ચમકે એટલી જ વાર છે.*

### હસીન હિરોઇનો... હસીન વાદીયોં મેં



*કેટલું સુંદર દ્રશ્ય. વીતેલા જમાનાની બે જાજરમાન હિરોઈનો - આશા પારેખ અને વહીદા રહેમાન - અને એક ગ્લેમર ગર્લ, હેલન! આ તસવીર આશા પારેખે સોશિયલ મીડિયા પર શેર કરી છે. ત્રણેય માનુનીઓ હિલ સ્ટેશન પર ફરવા ગઈ હતી. અહીં જ હોટલના કમરામાં આ તસવીર ખેંચવામાં આવી છે. આ ત્રણેયના બહેનપણાં જાણીતાં છે. ઈન ફેક્ટ, સાધના પણ એક સમયે આ ગર્લ ગેન્ગમાં શામેલ હતાં. સિનિયર અભિનેત્રીઓ જે રીતે જીવનના આ તબક્કો ઉલ્લાસપૂર્વક માણી રહી છે તે જોઈને દિલને ખૂબ ટાઢક થાય છે. હેં ને?*

## નવું શું છે?



■ સેલિબ્રિટી ગપશપ અને બોલિવુડ ગોસિપના શોખીનો... ધ્યાન આપો. તમને જેના થક વર્ષોથી જલસો પડી રહ્યો હતો તે 'કોફી વિથ કરન' ચેટ શો ફરીથી આવી પહોંચ્યો છે. કરણ જોહર પુનઃ બબ્બેની જોડીમાં મહેમાનોને બોલાવશે, એમને ભમરાળા સવાલો પૂછશે, ઠઠ્ઠા મશ્કરી કરશે - એન્ડ ગોડ નોઝ! - નવા વિવાદોને જન્મ આપશે. 'કોફી વિથ કરન'ની નવમી (અને સંભવિતઃ છેલ્લી) સિઝન તમે જિઓહોટસ્ટાર પર નિહાળી શકો છો.

■ ક્રિસ ઈવાન્સના ફેન છો તમે? તો તમે એની વ્યંગાત્મક એક્શન-એડવન્ચર ફિલ્મ 'સેક્રિફાઈસ'માં મજા આવશે. ફિલ્મની સ્ટોરી એવી છે કે ક્રિસ ઈવાન્સ હોલિવુડનો ઈનસિક્યોર હીરો છે, જે કોઈ પણ ભોગે પોતાની કથળી રહેલી કારકિર્દીને બચાવવા માગે છે. આ ફિલ્મનું સ્ટ્રીમિંગ આજથી જ નેટફ્લિક્સ પર શરૂ થઈ ચૂક્યું છે.

■ 'ધ ડિપ્લોમેટ' એક સફળ પોલિટિકલ થ્રિલર સિરીઝ છે. આ વખતની ચોથી સિઝનમાં અમેરિકન પ્રેસિડન્ટ (એલિસન જેની) અને વાઈસ પ્રેસિડન્ટ (રફસ સેવેલ) રશિયા પાસેથી શક્તિશાલી ન્યુક્લિયર વેપન્સ ખૂંચવી લેવા માટે એક ખતરનાક પ્લાન ઘડી કાઢે છે. ટિપિકલ હોલિવુડ સ્ટોરીલાઈન! આ શો તમે નેટફ્લિક્સ પર જોઈ શકો છો.

■ રોડીઝના ફેનલોકોને જો એકઠા કરવામાં આવે તો નાનું સરખું નગર ઊભું થઈ શકે. જાણી લો કે આ રિયાલિટી શોની લેટેસ્ટ સિઝન 'રોડીઝ રિબર્થ'ની ગ્રાન્ડ એન્ટ્રી થઈ ચૂકી છે. આ વખતે ઓજી (ઓરિજિનલ, જૂની) ગેન્ગના લીડર્સ - જેમ કે પ્રિન્સ નરૂલા, નેહા ધૂપિયા, નિખિલ ચિનપ્પા વગેરે - અને નવી ગેન્ગના લીડર્સ (અભિષેક મલ્હાન, બાની જે. ઈત્યાદિ) વચ્ચે જોરદાર અથડામણ થશે. રણવિજય, હંમેશ મુજબ, આ વખતે પણ શોનો હોસ્ટ બનશે. આ શો જિયોહોટસ્ટાર પર ઓલરેડી ડ્રોપ થઈ ચૂક્યો છે.



# આયુષમાન ખુરાના કહે છે ઈલુ... ઈલુ!

## 'મારી આગામી ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા'માં ભારતીય સંસ્કૃતિનાં અમર, સુંદર મૂલ્યોની વાત અસરકારક રીતે કહેવાઈ છે.'

હિન્દી ફિલ્મ જગતના પ્રતિષ્ઠિત ગણાતા રાજશ્રી પ્રોડક્શન કંપનીની નવી ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા' આવી રહી છે. સૂરજ બડજાત્યાના દિગ્દર્શનમાં બનેલી 'યે પ્રેમ મોલ લિયા' ફિલ્મમાં આયુષમાન ખુરાના અને શર્વરી વાઘ મુખ્ય કલાકાર છે. સાથે અનુપમ ખેર પણ છે. ફિલ્મનું સંગીત હિમેશ રેશમિયાનું છે.

આયુષમાન ખુરાનાએ કહ્યું છે કે, 'યે પ્રેમ મોલ લિયા' ફિલ્મ ફક્ત ઈન્ડિયાની નહીં પણ ભારતની છે. ફિલ્મમાં ભારતીય સંસ્કૃતિનાં અમર, સુંદર મૂલ્યાની વાત હોવાથી તે ભારતની ફિલ્મ છે. વળી, ફિલ્મની વાર્તા અને કલાકરો ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલાં છે. આમ પણ રાજશ્રી પ્રોડક્શનની તમામ ફિલ્મોમાં ભારતીય સંસ્કૃતિનાં દર્શન થાય છે તે બાબત ગૌરવરૂપ છે.

'યે પ્રેમ મોલ લિયા' ફિલ્મ પારિવારિક અને પ્રણયસભર ફિલ્મ છે.આ ફિલ્મમાં આયુષમાન અને શર્વરી પહેલી જ વખત મોટા પડદા પર જોવા મળશે.

હજી થોડા દિવસ પહેલાં જ 'યે પ્રેમ મોલ લિયા' ફિલ્મનું મ્યુઝિક લોન્ચ થયું છે. આયુષમાન ખુરાનાએ અને શર્વરી વાઘ બંનેએ સંગીત નિર્દેશક હિમેશ રેશમિયાએ તૈયાર કરેલાં ગીતોની ભરપૂર પ્રશંસા કરી હતી. બંને કલાકારોએ કહ્યું હતું કે અમે બંને હિમેશ રેશમિયાના મીઠા મધુરા ગીતોના જબરાં પ્રશંસક છીએ. સાથોસાથ હિમેશજીનાં કર્ણપ્રિય ગીતો સાથે અમારાં સંવેદનો - યાદ પણ જોડાયેલાં છે.

આયુષમાન ખુરાનાએ બહુ મહત્વનો મુદ્દો રજૂ કરતાં કહ્યું હતું કે હિમેશ રેશમિયા ભારોભાર પ્રતિભાશાળી સંગીત નિર્દેશક હોવાથી માનવીય સંવેદનાને બહુ સારી અને સાચી રીતે આત્મસાત કરી શકે છે. સમજી શકે છે. સાથોસાથ આજના આધુનિક યુગમાં અન્ય સંગીત નિર્દેશકોની સરખામણીએ હિમેશ રેશમિયા ભારતનાં સામાન્ય માનવીનાં રસ -રૂચિને વધુ સારી રીતે પારખી શકે છે.

**'હિમેશ રેશમિયા ભારોભાર પ્રતિભાશાળી સંગીત નિર્દેશક હોવાથી માનવીય સંવેદનાને બહુ સારી અને સાચી રીતે આત્મસાત કરી શકે છે, સમજી શકે છે...'**

'વિકી ડોનર' (૨૦૧૨) ફિલ્મથી હિન્દી ફિલ્મ જગતમાં પા પા પગલી ભરનારો અને નવા -પ્રતિભાશાળી કલાકારનો ફિલ્મફેર એવોર્ડ પણ જીતનારો આયુષમાન ખુરાના કહે છે, હું ફિલ્મની વાર્તા સાંભળવા માટે ગયો ત્યારે સૂરજ બડજાત્યા સરને પૂછ્યું હતું કે ફિલ્મનું નામ 'યે પ્રેમ મોલ લિયા' કેવું છે ? તો સૂરજ સર ને તરત જ ફિલ્મનો ટાઈટલ ટ્રેક રજૂ કર્યો. બસ, મને ટાઈટલ ટ્રેક સાંભળીને પૂરો વિશ્વાસ થઇ ગયો કે ફિલ્મનું નામ ખરેખર બહુ જ અનોખું છે. ફિલ્મની વાર્તા ઈન્ડિયાની નહીં પણ ભારતની છે. ભારતીય સંસ્કૃતિની છે.

એક નેશનલ અને ચાર ફિલ્મફેર એવોર્ડ્ઝનું સન્માન પ્રાપ્ત કરનારો આયુષમાન ખુરાના કહે છે, મેં 'હમ આપ કે હૈં કૌન' (૧૯૯૪) ફિલ્મ જોઇ ત્યારથી જ મને હિન્દી ફિલ્મો પ્રત્યે જબરો પ્રેમ થઇ ગયો છે. વળી, આખા હિન્દી ફિલ્મ જગતમાં રાજશ્રી પ્રોડક્શન માટે જે આદર-સન્માન છે ત્યારે હું આ જ રાજશ્રી પ્રોડક્શનની ફિલ્મનો હીરો છું તે વાત ગૌરવરૂપ જેવી લાગે છે. ખરેખર તો રાજશ્રી પ્રોડક્શનનો પ્રેમાળ સંબંધ આખા ભારતના પરિવારો સાથે છે. રાજશ્રી પ્રોડક્શનની ફિલ્મ રજૂ થાય એટલે તેનો આનંદ માણવા દર્શકો સપરિવાર સિનેમાગૃહોમાં જાય છે. રાજશ્રી પ્રોડક્શનની બધી જ ફિલ્મ આખું કુટુંબ સાથે બેસીને જોઇ શકે તેવી હોય છે તે બાબત બહુ મોટા સન્માનની છે.



આયુષમાન ખુરાનાએ રાજશ્રી પ્રોડક્શનની મૈંને પ્યાર કિયા, હમ આપ કે હૈ કૌન, હમ સાથ સાથ હૈ, વિવાહ, પ્રેમ રતન ધન પાયો, ઉંચાઇ વગેરે સુપરહીટ ફિલ્મોના દિગ્દર્શક સૂરજ બડજાત્યા સાથે સંકળાયેલો એક કિસ્સો વર્ણવતાં કહ્યું હતું, સૂરજ જી મારી વેનિટી વેનમાં આવતાં પહેલાં તેમનાં જૂતાં ઉતારી લેતા હતા. મેં કહ્યું, સર, આપ આપનાં જૂતાં નહીં ઉતારો. જોકે સૂરજ જી એ મારી વાત ક્યારેય પણ સાંભળતા નહોતા. હા, સૂરજ જી જેવા વેનમાં આવે કે તરત જ હું તેમનાં ચરણ સ્પર્શ કરતો. સૂરજ જી બોલીવુડમાં મારા સહિત ઘણાં કલાકારોના પરમ આદરણીય છે. તેમનાં વાણી-વર્તન,કાર્યમાં તેમના ઉજળા સંસ્કારનું દર્શન થાય છે. એટલે જ તો હું રાજશ્રી પ્રોડક્શનની આવી સન્માનનીય વ્યક્તિ સાથે કામ કરવામાં મારું સદભાગ્ય સમજું છું. ■